નવિન શૈલીથી લેખન પધ્ધતિમાં

ધી સેલ્ફ વાજીંત્ર ગાઈડ.

(એટલે પોતાની મેળે હારમોનિયમ, સિતાર, દિલરૂબા, તાંઉસ, ફિડલ વિગેરે સંપૂર્ણ સુરના વાજીંત્રો વગાડતા શીખવનાર ભોમિયો.)

આ પુસ્તકમાં હારમોનિયમ ઓરગન. સિતાર. દિલરૂબા. તાઉસ. ફિડલના ચિત્રો. ગીત સાર. આ પુસ્તકમાં દર્શાવેલા ચિન્હોની સવિસ્તાર સમજ. દિલરૂબા, તાઉસની સમજ. ફિડલની સમજ. હારમોનિયમની સમજ. સારીગમના ૨૦ પાઠો. તેમજ નાટકોના લોકપ્રિય ગાયનોની. રસીક ગરબાઓની. તથા ઉસ્તાદિ ચીજો વગેરેની લેખન પદ્ધતિમાં નોટેશન કરવામાં આવી છે.

લખનાર

નગીનલાલ મગનલાલ પારેખ. [illegible] નવસારી.

સંવત ૧૯૬૫. સન ૧૯૦૮.

મુલ્ય રૂ. ૧-૮-૦.

સંગીતની સમજ સહિત, નવિન શૈલીથી લેખન પદ્ધતિમાં

ધી સેલ્ફ વાજીંત્ર ગાઇડ.

જેમાં હામાન, ચતરા બકાવલી, ઝેરી સાંપ, ખુરશીદે ઝરનીગાર, ભુલ ભુલઇયાં, અસીરે હિર્સ, ખુને નાહક, બઝમે ફાની, દીલફરોસ, દાવપેચ, ગોપીચંદ, હરિશ્ચંદ્ર, નાજનં, ખુદાદાદ, સયદે હવસ, ધુપ છાંવ, હાર જીત, શહીદે નાજ, ભર્તૃહરી, ગુણસુંદરી, તાજેનેકી, મીઠા જહેર, નરસિંહ મહેતો, સૌભાગ્ય સુંદરી, વિક્રમ ચરિત્ર, કામલતા, મુળરાજ સોલંકી, કરણ ઘેલો, વીણા વેલી, ઉદયભાણુ, અશ્રુમતી, સરદારબા, મનોહરી રંભા, મદન વસંત, ચંદ્રહાસ, ત્રિવિક્રમ, નર્મદા, શૈલબાળા, સતી સુંદરબા, નરસિંહ મહેતા, પવિત્ર લક્ષ્મી, મીરાબાઇ, જુગલ જુગારી. કૌરવ પાંડવ. વિગેરે પ્રખ્યાત નાટકોના ચાલુ જમાનાને અનુસરતા ઊર્દુ તથા ગુજરાતી લોક પ્રિય ગાયનો, રસિક ગરબાઓ, તેમજ ઉસ્તાદિ ચીજોનો નોટેશન સાથે સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રથમાવૃતિ. પ્રત ૧૦૦૦.

લખનાર

નગીનલાલ મગનલાલ પારેખ. દડંગવાડ—નવસારી.

સુરતઃ—ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૫. સન ૧૯૦૮.

કિંમત રૂા. ૧–૪–૦.

અર્પણ.

પ્રિય,

સનમુખ.

સુજ્ઞ કુળ વધુ,

પતિ પત્નિના સૌભાગ્ય સુખ-ઝરાનાં અખંડ ઝરણાં ઝીલિને, તેમાં સદ્ગુણતાનો અમૃત-રસ મેળવી, પ્રેમ-પ્યાલામાં ભર્યો; પણ દૈવયોગે સંસ્કાર તંત્રનું સીંકું તૂટી જવાથી હાથપર ચડેલો પ્યાલો ઢોળાઇ ગયો. તેના અખંડ સ્મરણાર્થે **ધી સેલ્ફ વાજીંત્ર ગાઇડ** પ્રથમ ગુચ્છ નિર્મળ ભાવનાએ સમર્પણ કરૂં છું, તેનો સ્વર્ગમાં સ્વિકાર કરશો.

કર્તા.

સ્વર્ગસ્થ સનમુખ.

જન્મ
સંવત ૧૯૪૫ના
ફાગણ વદ ૧૩.

મર્ણ
સંવત ૧૯૬૫ના
કાર્તિક સુદ ૭.

પ્રસ્તાવના.

दोहरा.

भरत शास्त्र संगीतमें, नाद्‌ा धिन सबकोय:
कारज कारन नाद्‌सों, आहत अनहत होय. ॥ १ ॥
अनहत नाद्‌ उपासना, मुनिजन करत अभ्यास;
गायक आहत नाद्‌में, गावत बढै उल्हास. ॥ २ ॥
(कवि गंगाराम.)

આ સૃષ્ટિમાં અનંત કાળના પ્રભાવથી ક્ષણે ક્ષણે જમાનો બદલાતો જાય છે. તે જમાનાને અનુસરીને આ વાજીંત્ર ગાઇડ લખવામાં આવી છે. કદાચ કોઇ શંકા કરે કે આ નવિન ગાઇડ લખવાનું શું કારણ છે ? કેમકે આવી ગાઇડોના પ્રાચીન તેમજ અર્વાચીન ઘણા પુસ્તકો છે. તો વિદિત કરવાનું કે આ ગાઇડ પ્રાચીન ગાઇડોને અનુસરી નવિન શૈલીથી પસંદ કર્તા ગ્રાહકોને અનુકુળ પડે એવી યોજનાથી લખાઇ છે. પ્રારંભમાં સંગીત સાર આપ્યો છે, કારણ કે સંગીતની સહાયતા વગર કોઇ પણ વાજીંત્ર સ્પુટ રીતે શીખી શકાતું નથી. તે પછી આ પુસ્તકમાં આપેલા ચિન્હો વિષે સવિસ્તર વર્ણવેલ છે. તે પછી ચિત્રો સહિત સિતાર, દિલરૂબા, તાઉસ, ફિડલ અને હારમોનિયમની સમજ આપી છે. તે પછી પ્રથમ પ્રેકટીસને માટે સારીગમના પાઠો આપ્યા છે. તે પછી પ્રખ્યાત નાટક વિગેરેના ગાયનો નોટેશન સહિત દર્શાવી આ પુસ્તકનો પહેલો ભાગ (પ્રથમ ગુચ્છ) સમાપ્ત કરવામાં આવ્યો છે.

પૂર્વે આ હિંદભૂમિમાં સંગીત વિદ્યાનો ઘણો પ્રચાર હતો. તે પ્રસંગે ઉંચ જ્ઞાતિઓના મનુષ્યો સંગીત વિદ્યાનો અભ્યાસ કરતા, અને તે અભ્યાસ માનવંતો ગણાતો હતો. પરંતુ ચાલુ જમાનામાં કેટલાક કારણોથી બીજી વિદ્યાઓની માફક એ વિદ્યાનો પણ લોપ થતો જાય છે, અને હાલ તો લોકો તેની તરફ તિરસ્કારથી જોતા હોય એવું કારણ થઇ ગયું છે, એટલુંજ નહિ પણ કોઇ ગાયન શીખતું હોય તો તેની મજાક કરે એ ઘણું શોચનિય છે. પ્રાચીન કાળમાં સંગીત વિદ્યા જે સર્વનું ભુષણ ગણાતી, તેજ વિદ્યા અફસોસ ! કે હાલ સંગદોષ લાગ્યાથી કેટલાકના મનમાં દૂષણરૂપ ગણાય છે પણ કહેતાં ખુશી ઉપજે છે કે કેટલાક મહાન્ નરવરોના ઉત્સાહી પ્રયાસથી હજી તેનું કંઇક માન સચવાઇ રહ્યું છે તે માન સંગીતના વિદ્વાનોની પરંપરાને ઘટે છે.

ગીત, વાદ્ય અને નૃત્ય એ ત્રણુની સંજ્ઞા સંગીત થાય છે, અને તેના સંબંધી જે વિદ્યા તેને સંગીત વિદ્યા યાને સંગીત શાસ્ત્ર કહે છે. સંગીત વિદ્યા એ પાંચમો વેદ છે. તેના યોગે નીતિ

જ્ઞાન અને ઇશ્વર પ્રાપ્તી થઇ શકે છે. લંકાનો રાજા રાવણુ સંગીતની સહાયતાથી મહાદેવજીને પ્રસન્ન કરી શકયો હતો. નરસિંહ મહેતાએ પણુ એજ વિદ્યાના પ્રતાપે શ્રી કૃષ્ણુ પાસે મોસાળું પુરાવ્યુ હતું, અને મેઘ વૃષ્ટિ પણુ કરાવી હતી. શ્રીમદ્ભગવદ્‌ના દશમસ્કંધમાં પણુ જણુાવ્યું છે કે શ્રી કૃષ્ણે બંસીબટના તટ ઉપર મુરલીના મનોહર નાદથી ગોપીકાઓના ચિત્ત આકર્ષણુ કર્યા હતા. વળી વૈરાટમાં અર્જુન વૈરાટ રાજાની કુંવરી ઉત્તરાકુમારીને સંગીત વિદ્યા શીખવવા રહ્યો હતો. એવા અસંખ્ય દ્રષ્ટાંતો પુરાણુાદિ ગ્રંથોમાંથી મળી આવે છે, તે ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે સંગીત વિદ્યા જેવી મનુષ્યના મનને રંજન કરનાર બીજી કોઇ પણુ વિદ્યા નથી, એ સંગીત વિદ્યાની અદ્ભુત શક્તિ છે.

આ પુસ્તક લખવામાં આરંભથી સમાપ્તિ સુધી મ્હારા મિત્ર ઉમાશંકર ગંગાશંકર શુકલે પૂરતી મદદ આપી છે તે માટે તેમનો અત્યંત આભાર માનું છું.

આ પુસ્તકમાં યથાશક્તિ જે કાંઇ પ્રયત્ન કરેલો છે, તેપર પુરતું લક્ષ આપી, પ્રત્યેક ગાયનમ બતાવેલા તેના રાગ, તાલ, માત્રા અને કાળની યોજનાની રસિકતા જાણી જો કોઇ સંગીત રસિક વિદ્વજ્જન સંતોષ પામી પોતાના સદ્‌વિચાર જાહેર કરશે, તો આ પુસ્તક વિષે થયેલો અમારો શ્રમ સફળ માની હૃદયમાં પરમ આનંદ પામીશું, એટલુંજ નહિ પણુ ધી સેલ્ફ વાજીંત્ર ગાઇડને દ્વિતીય ગુચ્છ બહાર પાડવાને પૂર્ણ ઉત્સાહથી આગળ પડીશું.

નવસારી—વિક્રમાર્ક }
૧૯૬૪—આશ્વિન. }

નગીનલાલ મગનલાલ પારેખ.

વિષયોનુક્રમણિકા.

ગાયનોની અનુક્રમણિકા.

ૐ

॥ तत्सत् परमात्मने नमः ॥

ધી સેલ્ફ વાજીંત્ર ગાઇડ.

સંગીત સાર.

(અનેક પુસ્તકો ઉપરથી)

॥ गीतं वाद्यं नर्तनं च त्रयं संगीत मुच्यते ॥

સંગીત.

ગીત	વાદ્ય	નૃત્ય

ગીત, વાદ્ય અને **નૃત્ય** એ ત્રણને સંગીત કહે છે. **ગીત** રાગાદિના ભેદવડે અનેક છે, **વાદ્ય** દેશજાતિના ભેદ વડે અનેક પ્રકારના છે, અને **નૃત્ય**શૈલી દેશ અને પ્રકૃતિઆદિ ભેદથી વિવિધ પ્રકારની છે.

સંગીત શાસ્ત્રના બે ભેદ છે. ૧ **સંગીત કળા**; ૨ **સંગીત વિદ્યા.**

૧ સંગીત શાસ્ત્રના નિયમ પ્રમાણે ગાવું, બજાવવું અને નૃત્ય કરી જાણવું તેને **સંગીત કળા કહે છે.**

૨ સંગીત શાસ્ત્રના નિયમ પ્રમાણે હરકોઈ ચીજ ગાવા બજાવવા જેવી કરી આપવી તેને **સંગીત વિદ્યા** કહે છે. જેને આપણે હાલમાં નોટેશન અથવા લેખન પદ્ધતિ કહીએ છીએ.

સ્વર વિષે:—રાગની બનાવટને માટે જે સ્વરોની જરૂર છે, તે બધા મળીને મુખ્ય સાત સ્વર છે. તેના નામો નીચે મુજબ:—

સંસ્કૃત નામો— ૧ ષડ્જ, ૨ ઋષભ, ૩ ગાંધાર, ૪ મધ્યમ, ૫ પંચમ, ૬ ધૈવત, ૭ નિષાદ.

પ્રાકૃત નામો—૧ ખરજ, ૨ રિખવ, ૩ ગંધાર, ૪ મધ્યમ, ૫ પંચમ, ૬ ધૈવત, ૭ નિખાદ.

ઉપર બતાવેલા સ્વરોના નામો ત્રણ ત્રણ અક્ષરનાં હોવાથી ગાયનમાં ઠીક ન પડે માટે નાયક (ગવૈયા) લોકોએ એક એક સંજ્ઞા તરીકે કલ્પ્યા છે. તેના નામો—સા, રી, ગ, મ, પ, ધ, ની.

અંગ્રેજી અને ઇટાલિયન ગાયનોમાં સાત સ્વરોનાં જુદા જુદા સંજ્ઞાવાળા નામો છે તે નીચે પ્રમાણે:—

અંગ્રેજી નામો—સી, ડી, ઈ, એફ, જી, એ, બી,

ઇટાલિયન નામો—ડો, રે, મી, ફા, સોલ્, લા, ટી (અથવા સી).

સ્વર સ્થાન વિષે:—ઉપર બતાવેલા સાત સ્વરો જે જગ્યાએથી બોલવામાં આવે છે તે જગ્યાને સ્થાન કહે છે. એ સ્થાનનાં નામ નીચે પ્રમાણે:—

સા—નાભી સ્થાન છે, એટલે નાભીમાંથી બોલવો પડે છે.

રી—હૃદય સ્થાન છે.

ગ—વક્ષઃસ્થળ એટલે છાતીનું સ્થાન છે.

મ—કંઠ એટલે ગળાનું સ્થાન છે.

પ—મુખ સ્થાન છે.

ધ—તાળવું સ્થાન છે.

ની—અનુનાસિક એટલે નાક સ્થાન છે.

સાત સ્વરોની મનુષ્ય સિવાય બીજા પ્રાણીઓના અવાજની સાથે સરખામણી.

સા—મોરના અવાજ જેવો છે.

રી—ગાય અથવા બપૈયાના અવાજ જેવો છે.

ગ—બકરા અથવા પાડાના અવાજ જેવો છે.

મ—ક્રૌંચ પક્ષિના અવાજ જેવો છે.

પ—કોયલના અવાજ જેવો છે.

ધ—ઘોડા અથવા દેડકાના અવાજ જેવો છે.

ની—હાથીના અવાજ જેવો છે.

સ્વરાવકાશ વિષે:—ઉપર બતાવેલા સાત સ્વરો એક બીજાથી અલાયધા છે, અને દરેકની પછી અવકાશ રાખવામાં આવે છે તેને **સ્વરાવકાશ** કહે છે.

ધારોકે સાત સ્વરના સમુહનો એક દાદર છે. અને દરેક જુદા સાત સ્વર છે તે તેના પગથીયાં છે. હવે પહેલાથી બીજું પગથીયું જેટલું ઉંચું છે તેટલુંજ બીજું અને ત્રીજું ઉંચું છે, એટલે, **સા, રી, ગ,** એ સ્વરોમાં સરખો અવકાશ છે. ત્રીજું અને ચોથું પગથીયું પહેલા બે પગથીયાં કરતાં અડધું ઉંચું છે, એટલે **ગ** અને **મ,** એ બે પગથીયાં વચ્ચે પહેલા બે પગથીયાં કરતાં અડધો અવકાશ રહેલો છે. ચોથાથી પાંચમું, પાંચમાંથી છઠ્ઠું, અને છઠ્ઠાથી સાતમું પગથીયું તે પ્રથમના બે પગથીયાં પ્રમાણેજ ઉંચાં છે, એટલે **મ, પ, ધ, ની,** એ સ્વરો વચ્ચે સરખોજ અવકાશ છે. હવે ત્રીજા અને ચોથા પગથીયાં વચ્ચે જેટલો અવકાશ રહેલો છે તેટલોજ સાતમાં અને આઠમાં પગથીયાં વચ્ચે અવકાશ છે, એટલે **ગ** અને **મ** વચ્ચે જેટલો અવકાશ છે તેટલોજ **ની** અને બીજા સપ્તકના **સા** સ્વર વચ્ચે અવકાશ છે. આ નિયમ કુદરતી નિયમ પ્રમાણે સૌ લોક જેમ સાત સ્વર બોલે છે તેને લાગુ પડે છે. આઠમું પગથીયું બીજા સપ્તકનું પહેલું પગથીયું સમજવું, કારણ કે સાત પગથીયાં એ સાત સ્વર છે.

સ્વરના ભેદ વિષે:—સ્વરનાં મુખ્ય બે ભેદ છે. ૧ **સ્થાઈ**; ૨ **અસ્થાઈ.**

૧. સાત સ્વરમાં **સા** અને **પ,** એ બે સ્વર સ્થાઇ છે, કારણ કે તે પોતાના રૂપથી અચળ છે, તેથી એને **સ્થાઈ** અથવા **શુધ્ધ સ્વર** કહે છે.

૨. **અસ્થાઈ સ્વર** પાંચ છે. ૧ **રી**; ૨ **ગ**; ૩ **મ**; ૪ **ધ**; ૫ **ની.** એ અસ્થાઈ સ્વરમાં ત્રણ ભેદ છે. ૧ **શુધ્ધ**; ૨ **કોમળ**; ૩ **તીવ્ર. અસ્થાઈ શુદ્ધ સ્વર–રી; ગ; મ; ધ; ની. અસ્થાઈ કોમળ સ્વર**—રૅા; ગૅ; ધૅ; નૅા. **અસ્થાઈ તીવ્ર સ્વર–મઁ.**

કોમળ સ્વર એટલે શુધ્ધ સ્વર કરતાં અડધો સ્વર કમી, અને **તીવ્ર સ્વર** એટલે શુધ્ધ સ્વર કરતાં અડધો સ્વર વધારે.

સ્થાઇ, અસ્થાઇ સ્વરોનું એક સપ્તકનું કોષ્ટક.

સ્થાઇ	અસ્થાઈ		અસ્થાઇ		અસ્થાઈ		સ્થાઈ	અસ્થાઇ		અસ્થાઇ	
સા	રીઁ	રી	ગઁ	ગ	મ	મઁ	પ	ધઁ	ધ	નીઁ	ની
શુદ્ધ	કોમળ	શુદ્ધ	કોમળ	શુદ્ધ	શુદ્ધ	તીવ્ર	શુદ્ધ	કોમળ	શુદ્ધ	કોમળ	શુદ્ધ

સ્વર સપ્તક વિષેઃ—સપ્તક એટલે જે સાત સ્વરથી બન્યું તે. સ્વર પણ સાત છે, એટલે **સા**થી **ની**સુધી એક સપ્તક થાય છે. એ સપ્તક જેટલાં બનાવે તેટલાં બની શકેછે, પરંતુ મનુષ્યના કંઠથી તેટલાં સપ્તક થતાં નથી, તેમજ ત્રણ સપ્તકની અંદર તમામ રાગોનું રૂપ થઇ શકે છે, તેથી ત્રણ સપ્તકનાંજ નામો ઠરાવેલાં છે.


પહેલું સપ્તક—.મધ્ય સપ્તકથી નીચું, એટલે **સા, રી,** ગ, મ, **પ**, ધ, **ની**, એને **ખરજ** અથવા **મંદ્ર સપ્તક** કહે છે.

બીજું સપ્તક—.મંદ્ર સપ્તકથી ઉંચું અને તાર સપ્તકથી નીચું, એટલે **સા, રી**, ગ, મ, **પ**, ધ, **ની**, એને **સુર** અથવા **મધ્ય સપ્તક** કહે છે.

ત્રીજું સપ્તક—.મધ્ય સપ્તકથી પણ ઉંચું, એટલે **સા, રી**, ગ, મ, પ, ધ, **ની**, એને **તાર** અથવા **ટીપ સપ્તક** કહે છે.

આરોહ, અવરોહ વિષે—.**આરોહ** અને **અવરોહ**થી રાગના ખરા રૂપ દર્શાવાય છે. **આરોહ** એટલે ચડવું, અને **અવરોહ** એટલે ઉતરવું. જેમકે **સા**થી **ની**સુધી અનુક્રમે ચડવું તેને આરોહ, અને **ની**થી **સા**સુધી અનુક્રમે ઉતરવું તેને **અવરોહ** કહે છે.

આરોહ, અવરોહનું સ્વર દાદરનું ચિત્ર.



આલાપ વિષે:—હરેકોઇ રાગરાગણીના સ્વરોને તેજ રીતમાં આવતા સ્વરોનું **મિશ્રણ** કરી તેના ઠરાવેલા શબ્દોમાં લાગ ડાંટથી ગાઇને તે રાગનું ચોખ્ખું સ્વરૂપ દર્શાવવું **તેને આલાપ** કહે છે. આલાપનાં બોલ **આ, તુનુમ, ના, તનના, તુંમ** વિગેરે છે.

તાન વિષે:—એકથી વધારે સ્વરોનું ત્વરાથી આરોહણ થવું તેને **તાન** કહે છે, અને અવરોહણ થવું તેને **પલટા** કહે છે, પરંતુ વસ્તુતાએ તે બધી **તાન** કહેવાય છે. તાનનાં **ચાર** સ્થાન ભેદ છે. ૧ **નાદ તાન;** ૨ **કુમક તાન;** ૩ **કંઠ તાન;** ૪ **બંદ તાન.**

૧ **નાદ તાન.**—જે તાન નાભી સ્થાનથી લેવાય છે તેને **નાદ તાન** કહે છે.

૨ **કુમક તાન.**—જે તાન વક્ષ:સ્થાનથી એટલે છાતી સ્થાનથી લેવાય છે તેને **કુમક તાન કહે છે.**

૩ **કંઠ તાન.**—જે તાન કંઠ સ્થાનથી એટલે કંઠમાંથી લેવાય છે તેને **કંઠ તાન કહે છે.**

૪ **બંદ તાન.**—જે તાન મગજમાંથી લેવાય છે તેને **બંદ તાન** કહે છે.

ઉપર બતાવેલી તાનો સ્થાન ભેદથી જુદા જુદા નામે ધરાવે છે, કારણ કે તેના ગુણ ઉપરથી નામો પડેલાં છે, પણ સ્વર ભેદથી તેઓનાં રૂપ તથા નામ પણ જુદા થાય છે તે નીચે મુજબ:—

૧ **આર્ચિક તાન.**—એક સ્વરની તાનને **આર્ચિક તાન કહે છે.** જેમકે સાસા, **રીરી,** ગગ, મમ, પપ, ધધ, નીની, ઈત્યાદિ, ઇત્યાદિ.

૨ **ગાથિક તાન.**—જુદા જુદા બે સ્વરની તાનને **ગાથિક તાન** કહે છે. જેમકે સાગ, રીમ, ગપ, મધ, પની, ધસા ઇત્યાદિ, ઈત્યાદિ.

૩ **સ્વામિક તાન.**—જુદા જુદા ત્રણ સ્વરની તાનને **સ્વામિક તાન કહે છે.** જેમકે સારીગ, રીગમ, ગમપ, મપધ, પધની, ધનીસા, સાનીધ, નીધપ, ધપમ, પમગ, **મગરી, ગરીસા** ઇત્યાદિ, ઈત્યાદિ.

૪ **સુરતરૂ તાન.**—જુદા જુદા ચાર સ્વરની તાનને **સુરતરૂ તાન** કહે છે. જેમકે **સા**રીગમ, રીગમપ, ગમપધ, મપધની, પધનીસા, સાનીધપ, નીધપમ, ધપમગ, પમગરી, **મગ**રીસા ઇત્યાદિ, ઇત્યાદિ.

૫ **ઓડવ તાન.**—જુદા જુદા પાંચ સ્વરની તાનને **ઓડવ તાન** કહે છે. જેમકે **સારી**ગમપ, રીગમપધ, ગમપધની, મપધનીસા, સાનીધપમ, નીધપમગ, ધપમગરી, **પમગરીસા** ઈત્યાદિ, ઇત્યાદિ.

૬ **ખોડવ તાન.**—જુદા જુદા છ સ્વરની તાનને **ખોડવ તાન** કહે છે. જેમકે **સારીગમ**પધ, રીગમપધની, ગમપધનીસા, સાનીધપમગ, નીધપમગરી, ધપમગરીસા ઈત્યાદિ, ઈત્યાદિ.

૭ **સંપૂર્ણ તાન.**—જુદા જુદા સાત સ્વરની તાનને **સંપૂર્ણ તાન** કહે છે. જેમકે સારીગમપધનીસા, સાનીધપમગરીસા ઈત્યાદિ, ઇત્યાદિ.

સ્વર, તાન પ્રસ્તાર વિષે:—દરેક સ્વરથી કઇ અને કેટલી તાન નીકળે છે તેને માટે **સ્વર** યા **તાનનો પ્રસ્તાર** જાણવાની જરૂર છે. તે નીચે મુજબ:—

૧. પ્રથમ **પડ્જ સ્વર** એટલે **સા** તેને આરોહ અવરોહ કરતાં એકજ રૂપ **રહે છે, માટે** તેનો **એક પ્રકાર** છે. જેમકે સા.

૨. અનુક્રમે બે સ્વરની તાનનાં આરોહ અવરોહ કરતાં બે રૂપ થાય છે, **માટે** તેના **બે પ્રકાર** છે. જેમકે સારી, અને રીસા.

૩. અનુક્રમે ત્રણ સ્વરની તાનનાં બે સ્વરની તાનનાં જે બે રૂપ થાય છે તેને ત્રણે ગુણતાં **છ રૂપ** થાય છે. જેમકે સારીગ, રીસાગ, સાગરી, ગસારી, રીગસા, અને ગરીસા.

૪. અનુક્રમે ચાર સ્વરની તાનનાં છને ચારે ગુણતાં **ચોવીશ રૂપ** એટલે **પ્રકાર** થાય છે. જેમકે સારીગમ, રીસાગમ, સાગરીમ, ગસારીમ, રીગસામ, ગરીસામ, સારીમગ, રીસામગ, સામરીગ, મસારીગ, રીમસાગ, મરીસાગ, સાગમરી, ગસામરી, સામગરી, મસાગરી, ગમસારી, મગસારી, રીગમસા, ગરીમસા, રીમગસા, મરીગસા, ગમરીસા, મગરીસા.

૫ અનુક્રમે પાંચ સ્વરની તાનનાં ચોવીશને પાંચે ગુણતાં **એકસો વીશ પ્રકાર** થાય છે. જેમકે સારીગમપ, રીસાગમપ, સાગરીમપ. ગસારીમપ, રીગસામપ, ગરીસામપ, સારીમગપ, રીસામગપ, સામરીગપ, મસારીગપ, રીમસાગપ, મરીસાગપ ઈત્યાદિ, ઇત્યાદિ.

૬ અનુક્રમે છ સ્વરની તાનનાં એકસો વીશને છએ ગુણતાં **સાતસેં વીશ રૂપ** થાય છે. જેમકે સારીગમપધ, રીસાગમપધ, સાગરીમપધ, ગસારીમપધ, રીગસામપધ, ગરીસામપધ, સારીમગપધ, રીસામગપધ, સામરીગપધ, મસારીગપધ, રીમસાગપધ, મરીસાગપધ સાગમરીપધ, ગસામરીપધ, સામગરીપધ ઈત્યાદિ, ઇત્યાદિ.

૭. અનુક્રમે સાત સ્વરની તાનનાં સાતસેં વીશને સાતે ગુણતાં **પાંચ હજારને ચાળીશ પ્રકાર** થાય છે. જેમકે સારીગમપધની, રીસાગમપધની, સાગરીમપધની, ગસારીમપધની, રીગસામપધની, ગરીસામપધની, સારીમગપધની, રીસામગપધની સામરીગપધની, મસારીગપધની, રીમસાગપધની, મરીસાગપધની, સાગમરીપધની, ગસામરીપધની, સામગરીપધની, મસાગરીપધની, ગમસારીપધની, મગસારીપધની, રીગમસાપધની, ગરીમસાપધની ઈત્યાદિ, ઇત્યાદિ.

સ્વરની શુદ્ધ તાનોનું કોષ્ટક.

સ્વર સંખ્યા........	૧	૨	૩	૪	૫	૬	૭
પ્રકાર સંખ્યા........	૧	૨	૬	૨૪	૧૨૦	૭૨૦	૫૦૪૦

ઉપર બતાવ્યાં પ્રમાણે એક સ્વરની તાનથી આરંભી સાત સ્વરની તાન સુધીના પ્રસ્તાર (પ્રકાર) નો કુલે સરવાળો ૫૯૧૩ થાય છે.

ગાયક વિષે:—ગવૈયા ત્રણ પ્રકારનાં કહેવાય છે. **૧ ઉત્તમ ગાયક; ૨ મધ્યમ ગાયક; ૩ અધમ ગાયક.**

૧ ઉત્તમ ગાયક.—પોતે એકલો કોઈ પણ વાજીંત્ર અથવા ગાયકની મદદ વગર સારૂં ગાઈ શકે તે **ઉત્તમ ગાયક** કહેવાય છે.

૨ મધ્યમ ગાયક.—હરકોઈ વાજીંત્રની મદદથી ગાઇ શકે તે **મધ્યમ ગાયક** કહેવાય છે.

૩ અધમ ગાયક.—હરકોઈ ગાયક અથવા વાજીંત્ર એ બેની મદદ વગર સારૂં ગાઇ શકે નહિ તે **અધમ ગાયક** કહેવાય છે.

રાગ જાતિ વિષે:—રાગની મુખ્ય ત્રણ જાતિ છે. **૧ ઓડવ જાતિ; ૨ ખોડવ જાતિ; ૩ સંપૂર્ણ જાતિ.**

૧ ઓડવ જાતિ.—જે રાગ રાગણીમાં પાંચ સ્વર આવેછે તેને **ઓડવ જાતિ** કહે છે.

૨ ખોડવ જાતિ.—જે રાગ રાગણીમાં ૭ સ્વર આવેછે તેને **ખોડવ જાતિ** કહે છે

૩ સંપૂર્ણ જાતિ.—જે રાગરાગણીમા સાત સ્વર આવેછે તેને **સંપૂર્ણ જાતિ** કહે છે.

રાગરાગણીનાં સ્વર–મીત્ર શત્રુ વિષે:—

૧. વાદી સ્વર.—જે સ્વર ઉપર હરકોઈ રાગરાગણીનો મુખ્ય આધાર હોય તેવા સ્વરને **વાદી સ્વર** કહે છે. રાગરૂપી રાજાને પ્રધાન થઇ મદદ કરે છે તેથી, તથા અમુક રાગરાગણીઓમાં આવતા સ્વરોમાં જે મુખ્ય છે તેથી રાગરૂપી રાજાના પ્રધાનને વાદી સ્વર કહે છે. વાદી સ્વર રાગનો પરમ મીત્ર ગણાય છે. દરેક રાગરાગણીમાં આ સ્વરની ખાસ જરૂર હોય છે.

૨. સંવાદી સ્વર.—જે સ્વર હરકોઇ રાગરાગણીમાં વાદી સ્વર સાથે બોલતો હોય, અને તેથી રાગનું રૂપ વિશેષ પ્રશતું હોય તેને **સંવાદી સ્વર** કહે છે. સંવાદી સ્વર વાદી સ્વરનો મદદગાર છે. એનો હોદ્દો પ્રધાનથી નીચો છે.

૩. અનુવાદી સ્વર.—જે સ્વર હરકોઈ રાગરાગણીમાં વાદી અને સંવાદી સ્વર લીધા પછી લેવાતો હોય તેને **અનુવાદી સ્વર** કહે છે. અનુવાદી સ્વર સંવાદી સ્વરનો મદદગાર છે. એનાથી રાગની સાફ ચોખવટ જણાય છે. આ સ્વરનો હોદ્દો અમીર સરખો છે. હરકોઇ રાગરાગણીમાં પણ એ સ્વરની જરૂર હોય છે.

૪. વિવાદિ સ્વર.—જે સ્વર આવ્યાથી હરકોઈ રાગરાગણીનું રૂપ ભ્રષ્ટ થતું હોય તેને **વિવાદી સ્વર** કહે છે.ઉપર બતાવેલાં ત્રણ સ્વર રાગરાગણીઓને મીત્રરૂપ છે; અને આ છેવટનો વિવાદી સ્વર શત્રુરૂપ છે, માટે દરેક રાગમાં ગાયકને વિવાદી સ્વર બચાવીને ગાવાની ખાસ જરૂર છે.

૫. ગૃહ સ્વર.—હરકોઇ રાગરાગણીનો મુળ સ્થંભમાં પહેલો સ્વર આવે છે તેને **ગૃહ સ્વર** કહે છે.

૬. અંશ સ્વર.—ગૃહ સ્વરની આગળ જે અડધો સ્વર આવે તેને **અંશ સ્વર** કહે છે.

૭. વિન્યાસ સ્વર.—હરકોઇ રાગરાગણીમાં ચાલતા પ્રયોગમાં જે ઉંચામાં ઉંચો સ્વર આવે તેને **વિન્યાસ સ્વર** કહે છે.

૮. ન્યાસ સ્વર.—જ્યારે ગાયનની પૂર્ણતા થાય છે અને છેવટમાં જે સ્વર આવેછે તેને **ન્યાસ સ્વર** કહે છે.

રાગ વિષે:—રાગ એ શબ્દ **રંજ** એટલે **રીજવવું** એ ધાતુમાંથી નીકળેલો છે. સાત સ્વરોમાં અમુક સ્વર શુધ્ધ,અમુક કોમળ, અમુક તીવ્ર, અમુક મુખ્ય, અમુક હસ્વ, અમુક દીર્ઘ, અમુક બર્જ વિગેરેના અમુક ઠરાવેલાં નિયમ પ્રમાણે, હરકોઈ ચીજ યા સારીગમ ગાવી યા વગાડવી એને સંગીતશાસ્ત્રમાં **રાગ** (**ની** સંજ્ઞા) કહે છે.

પ્રાચીનકાળમાં રાગોની સંખ્યા ૧૬,૦૦૦ ની હતી. પણ તેનાં ભેદો પડી જવાથી તેમજ કેટલાંક પ્રસિધ્ધ ન હોવાથી તેની સંખ્યા ઘણીજ કમી થઇ ગઇ છે. હાલમાં મુખ્ય ચાર ભેદો એટલે મતો છે. પરંતુ હાલનાં સમયમાં સંગીત શાસ્ત્રનો નિયમ હનુમત મત પ્રમાણે ચાલે છે.

હનુમત મતમાં દરેક રાગને પાંચ પાંચ સ્ત્રીઓ, આઠ આઠ પુત્રો, અને પાંચ પાંચ પુત્રીઓ છે. પરંતુ વર્તમાન સમયમાં પાંચ પાંચ પુત્રીઓને બદલે ભરત મત પ્રમાણે આઠ આઠ પુત્ર વધૂ લખેલી છે. તેનું કોષ્ટક નીચે મુજબ:—

૭ રાગોનું સવિસ્તર કોષ્ટક.

રાગનાં નામ.	રાગણીઓનાં નામ.	પુત્રોનાં નામ.	પુત્રવધૂઓનાં નામ.
૧ ભૈરવ...	ભૈરવી, બૈરારી, મધુમાધવી, સિંધવી, બંગાલી	હરખ *, તિલક, દિનનીપુરીયા, માધવ *, સોહુ, બલનેહ *, મધુ *, પંચમ	સુહા, બિલાવલી, સોરઠી, ખંભારી *, અનદાહી *, ભલગુજરી *, પટમંજરી, મીરવી *
૨ માલકોશ	ટોડી, ગૌરી, ગુનકલી, ખંભાવતી, કુકુભ	મારૂ, મેવાડ, બડહંસ, પ્રબલ *, ચંદ્રક *, નંદ *, ભઁવર *, ખોખર *	ધન્યાશ્રી, માલશ્રી, જૈતશ્રી, સુધરાઈ, દુર્ગા *, ગંધારી, ભીમપલાસી, કામોદી
૩ હિંડાલ.	રામકલી, દેશાખ, લલિત, બિલાવલ, પટમંજરી	ચંદ્રબિંબ *, મંગલ *, શોભા *, આનંદ *, વિનોદ *, પ્રધાન *, ગૌરા, બિભાસ	લીલાવતી *, ફીરવી *, જૈતી, પુરબી, પારાવતી *, ત્રિવેણી, દેવગિરી, સરસ્વતી *
૪ દીપક *	દેશા, કામોદ, નટ, કિદારા, કાન્હરા	કુંતલ *, કમલ *, કલિંગ *, ચંપક *, કુસુમ *, રામ *, લહિલ *, હિમાલ *	મંગલગુજરી *, જેજેવંતી, માલગુજરી *, ભુપાલી, મનોહરી *, અહીરી *, ઇમન, હમીર
૫ શ્રી......	માલશ્રી, આશાવરી, ધન્યાશ્રી, વસંત, મ્હારવા	સિંધુ, માલવ, ગોડ, ગુણસાગર *, કુંભ *, ગંભીર *, શંકર *, બિહાગડા	વિજયા *, દયાવતી *, કુંભા *, સોહિની, સર્વા *, ક્ષેમા, શશિરેખા *, સદાસતી *
૬ મેઘ	ટંક, મલ્હાર, ગુજરી, ભુપાલી, દેશકાર	જાલંધર *, સારંગ, નટનારાયણ, શંકરાભરણ, કલ્યાણ, ગજધર *, ગંધાર, શહાના	કન્હડનાટ, ગાવદી *, કદમનાટ, બહારી, માંઝ, પરજ, નટમંજરી *, શુદ્ધનાટ

ઉપર બતાવેલા કોષ્ટકમાં * આવી નિશાનીવાલા પુત્રો તથા પુત્રવધુઓ મળી કુલે એકાવન અસિદ્ધ યા અપ્રખ્યાત નથી.

દરેક પ્રસિદ્ધ રાગોમાં આવતા સ્વરોનું, જાતિનું, તથા વખતનું કોષ્ટક.

સંખ્યા.	રાગનાં નામ.	સ્વરો.	જાતિ.	વખત તથા વિશેષ માહિતી.
૧	ભૈરવ	સા રીઁ ગ મ પ ધઁ ની	સંપૂર્ણ	મળસ્કામાં સુર્યોદય અગાઉ.
૨	ભૈરવી	સા રીઁ ગઁ મ પ ધઁ નીઁ	,,	સવારનો. કવચિત મઁ લાગે છે.
૩	બિભાસ	સા રી ગ પ ધ	ઔડવ	સુર્યોદય અગાઉ. મળસ્કામાં.
૪	દેવગંધાર	સા રીઁ ગ મ પ ધઁ ની	સંપૂર્ણ	સવારના પાંચ વાગે.
૫	સિંધભૈરવી	સા રી ગઁ મ પ ધઁ નીઁ	,,	સવારનો.
૬	રામકલી [રામગ્રી.]	સા રીઁ ગ મ પ ધઁ ની	,,	સવારનો. કવચિત મઁ લાગે છે.
૭	દેશાખ	સા રી ગઁ મ પ ધ નીઁ ની	,,	સવારનો.
૮	લલિત	સા રીઁ ગ મ ધઁ ની	ષાડવ	સવારનો. કવચિત મઁ લાગે છે.
૯	ટોડી	સા રીઁ ગઁ મઁ પ ધઁ ની	સંપૂર્ણ	સવારનો પહેલો પહોર.
૧૦	કુકુભ	સા રી ગ મ પ ધ ની	,,	,,
૧૧	ગંધારી	સા રી ગઁ મ પ ધઁ નીઁ	,,	,,
૧૨	આશાવરી	સા રીઁ ગઁ મ પ ધઁ નીઁ	,,	,,
૧૩	ગુજરી	સા રીઁ ગઁ મ મઁ પ ધઁ ની	,,	,,
૧૪	જોગીઆઆશાવરી	સા રીઁ ગ મ પ ધઁ ની	,,	,,
૧૫	ગંધારી ટોડી	સા રીઁ રી ગઁ મ મઁ પ ધઁ નીઁ	,,	,,
૧૬	જૌનપુરી ટોડી	સા રી ગઁ મ પ ધઁ નીઁ	,,	,,
૧૭	લાચારી ટોડી	સા રીઁ રી ગઁ મ પ ધઁ નીઁ ની	,,	,,
૧૮	બીલાવલ સુરપરદા	સા રી ગ મ પ ધ નીઁ ની	,,	,,
૧૯	બંગાલી	સા રી ગઁ મ પ ધ નીઁ	,,	સવારનો પહેલો પહોર, અથવા સાંજનો.
૨૦	ગુનકલી	સા રીઁ ગ મ પ ધઁ ની	,,	સવારનો ૧ પહોર. આ રાગણીનો હાલમાં લોપ થયો છે.
૨૧	ખટ	સા રીઁ ગઁ મ પ ધઁ ની	,,	સવારના નવ વાગે.
૨૨	સુહા	સા રી ગઁ મ પ ધ નીઁ	,,	સવારના દશ વાગે.
૨૩	પંચમ	સા રીઁ ગ મ પ ધઁ ની	,,	,,
૨૪	તિલંગ (નાટ)	સા રી ગ મ પ નીઁ ની	ષાડવ	,,
૨૫	અલૈયાં બિલાવલ	સા રી ગ મ પ ધ ની	સંપૂર્ણ	સવારનો બીજો પહોર. કોઈનીની એઉ લખે છે.
૨૬	કાન્હરા સુહા.	સા રી ગઁ મ પ ધ નીઁ ની	,,	સવારનો બીજો પહોર.
૨૭	કાન્હરા સુધરાઇ	સા રી ગઁ મ પ ધ નીઁ	,,	,,
૨૮	ગૌડ સારંગ	સા રી ગ મ મઁ પ ધ નીઁ ની	,,	,,
૨૯	મદમાત સારંગ	સા રી ગઁ મ પ નીઁ ની	ષાડવ	,,
૩૦	સુરપરદા બિલાવલ	સા રી ગ મ પ ધ નીઁ ની	સંપૂર્ણ	,,
૩૧	દેવગીરી બિલાવલ	સા રી ગ મ પ ધ નીઁ ની	,,	,,

દરેક પ્રસિદ્ધ રાગોમાં આવતા સ્વરોનું, જાતિનું તથા વખતનું કોષ્ટ—(ચાલુ).

સંખ્યા.	રાગનાં નામ.	સ્વરો.	જાતિ.	વખત તથા વિશેષ માહિતી.
૩૨	કામોદી	સા રી ગ મ પ ધ નીં	સંપૂર્ણ	દીવસનો બીજો પહોર, આરોહમાં નીં વર્જ્ય છે.
૩૩	દેશી	સા રી ગઁ મ પ ધઁ ની	,,	દીવસનો બીજો પહોર.
૩૪	નટમલ્હારી	સા રી ગ મ પ ધ નીં ની	,,	દિવસના બીજા પહોરથી સાંજ સુધી.
૩૫	મધુમાધવી	સા રી ગઁ મ પ ધ નીં ની	,,	સવારનો.
૩૬	ભૂપ	સા રી ગ પ ધ	ઓડવ	પ્રાઃતકાળ.
૩૭	નારાયણી	સા રી ગ મ પ ધ ની	સંપૂર્ણ	સવારનો બીજો પહોર.
૩૮	આનંદભૈરવી .	સા રી ગઁ મ પ ધઁ નીં	,,	પ્રાઃતકાળ.
૩૯	કેદાર ગોળ	સા રી ગ મ પ ધ નીં ની	,,	સવારના બીજો પહોર
૪૦	નટનારાયણ	સા રી ગ મ પ ધ ની	,,	,,
૪૧	શુદ્ધ સારંગ	સા રી મ પ નીં ની	ઓડવ	મધ્યાનકાળનો.
૪૨	ધનાશ્રી	સા રી ગઁ મ પ ધઁ નીં	સંપૂર્ણ	દિવસનો ત્રીજો પહોર. કોઈ નીંની બંને લખેછે.
૪૩	મુલતાની	સા રીઁ ગઁ મઁ પ ધઁ ની	,,	દિવસનો ત્રીજો પહોર. કોઈ મમઁ બંને લખે છે.
૪૪	ભીમપલાસી	સા રી ગઁ મ પ ધઁ નીં	,,	દિવસનો ત્રીજો પહોર.
૪૫	પૂર્વી	સા રીઁ ગ મ મઁ પ ધ ની	,,	દિવસનો ત્રીજો પહોર. કોઇ ધઁ લખે છે.
૪૬	બિંદ્રાબની સારંગ	સા રી ગઁ મ પ ધ નીં	,,	દિવસનો ત્રીજો પહોર.
૪૭	ગોડમલ્હાર	સા રી ગ મ મઁ પ ધ નીં ની	,,	,,
૪૮	બિરવા	સા રી ગઁ મ પ ધ નીં ની	,,	,,
૪૯	પીલુ	સા રી ગઁ મ પ ધઁ ની	,,	દિવસનો ત્રીજો પહોર, કવચીત રીં લાગે છે.
૫૦	ધાની	સા રી ગઁ મ પ ધ નીં	,,	દિવસનો ત્રીજો પહોર.
૫૧	ઝિંઝોટી	સા રી ગ મ પ ધ નીં ની	,,	,,
૫૨	ધોલશ્રી	સા રી ગઁ મ પ ધ નીં	,,	,,
૫૩	ગારા	સા રી ગ મ પ ધ નીં ની	,,	,, કોઇ ગઁગ બંને લગાડે છે.
૫૪	જીલ્લા	સા રી ગઁ ગ મ પ ધ નીં ની	,,	દિવસના ત્રીજા પહોરથી મધ્યરાત્રી સુધી.
૫૫	કાફી	સા રી ગઁ મ પ ધ નીં	,,	,,
૫૬	પહાડી ઝિંઝોટી	સા રી ગ મ પ ધ	ઓડવ	,,
૫૭	જંગલા	સા રી ગઁ ગ મ પ ધ નીં	સંપૂર્ણ	,,
૫૮	મધ્યમાવતી સારંગ	સા રી મ પ નીં	ઓડવ	દિવસનો ત્રીજો પહોર.
૫૯	સારંગ	સા રી મ પ નીં	,,	,, કવચિત ની લાગે છે.

દરેક પ્રસિદ્ધ રાગોમાં આવતા સ્વરોનું, જાતિનું તથા વખતનું કોષ્ટક—(ચાલુ).

સંખ્યા.	રાગનાં નામ.	સ્વરો.	જાતિ.	વખત તથા વિશેષ માહિતી.
૬૦	રાતની પુરીયા	સા રૅ ગ મઁ પ ધ ની	સંપૂર્ણ	સંધ્યાકાળનો.
૬૧	ઐરારી	સા રા ગ મ પ ધૅ ની	,,	સાંઝનો.
૬૨	દિનની પુરિયા	સા રૅ ગ મઁ પ ધૅ ની	,,	,,
૬૩	ગૌરી	સા રૅ ગ મ પ ધૅ ની	,,	,,
૬૪	માલશ્રી	સા ગ પ ધૅ ની	ઓડવ	,,
૬૫	જૈતશ્રી	સા રૅ ગ મઁ પ ધૅ ની	સંપૂર્ણ	,,
૬૬	સુધરાઈ	સા રી ગૅ મ પ ધ નૉ	,,	સાંઝનો. કોઇ ધ વ્યર્જ અને જાતિ ખોડવ લખે છે.
૬૭	હિંડોલ	સા ગ મઁ ધ ની	ઓડવ	સાંઝથી મધ્યરાત્રી સુધી.
૬૮	માલીગોરા	સા રૅ ગ મઁ પ ધૅ ની	સંપૂર્ણ	સાંઝનો.
૬૯	જૈત	સા રૅ ગ મ મઁ પ ધૅ ની	,,	,,
૭૦	તિરવન	સા રૅ ગ મઁ પ ધ ની	,,	,,
૭૧	દેવગિરી	સા રી ગ મ પ ધ મી	,,	,,
૭૨	નટ	સા રી ગ મ પ ધ ની	,,	,,
૭૩	શ્રીરાગ	સા રૅ ગ મઁ પ ધૅ ની	,,	,,
૭૪	મ્હારવા	સા રૅ ગ મઁ ધૅ ની	ખોડવ	દિવસનો ચોથો પહોર.
૭૫	સિંધુડા	સા રી ગૅ મ પ ધ નૉ	સંપૂર્ણ	,,. કોઈ નૉની બંને લખે છે.
૭૬	દેશ	સા રી ગ મં પ ધ નૉ ની	,,	રાત્રીનો પહેલો પહોર.
૭૭	પટમંજરી	સા રૅ ગૅ મ મઁ પ ધૅ નૉ ની	,,	,,
૭૮	સોરઠ	સા રી ગ મ પ ધ નૉ	,,	,,. કોઇ નૉની બંને લખે છે.
૭૯	કામોદ	સા રી ગ મ પ ધ ની	,,	,,. કોઇ વખતે ગ વ્યર્જ રહે છે. તેથી કોઇ ખોડવ જાતિ કહે છે.
૮૦	ભુપાલી કલ્યાણ	સા રી ગ પ ધ ની	ખોડવ	રાત્રીનો પહોલો પહોર.
૮૧	યમન કલ્યાણ	સા રી ગ મ મઁ પ ધ ની	સંપૂર્ણ	,,
૮૨	હમીર કલ્યાણ	સા રી ગ મ મઁ પ ધ ની	,,	,,
૮૩	શુધ્ધ કલ્યાણ	સા રી ગ મઁ પ ધ ની	,,	,,
૮૪	સ્યામ કલ્યાણ	સા રી ગ મ મઁ પ ધ ની	,,	,,
૮૫	હેમ કલ્યાણ	સા રી ગ મ પ ધ ની	,,	,,
૮૬	દેશકાર	સા રી ગ પ ધ	ઓડવ	,,
૮૭	અહાર	સા રી ગૅ મ પ ધ નૉ	સંપૂર્ણ	રાત્રીનો. કોઇ નૉની બંને લખે છે.
૮૮	દરબારી કાનડા	સા રી ગૅ મ પ ધૅ નૉ	,,	રાત્રીનો.
૮૯	કેદારા	સા રી ગ મ મઁ પ ધ ની	,,	રાત્રીનો. કોઇ નૉની બંને લખે છે.
૯૦	કાન્હરા શાહાના	સા રી ગૅ મ પ ધ નૉ	,,	રાત્રીનો.

દરેક પ્રસિદ્ધ રાગોમાં આવતા સ્વરોનું, જાતિનું તથા વખતનું કોષ્ટક—(ચાલુ).

સંખ્યા.	રાગનાં નામ.	સ્વરો.	જાતિ.	વખત તથા વિશેષ માહિતી.
૯૧	કાન્હરા અડાના	સા રી ગઁ ગ મ પ ધ નીઁ ની	સંપૂર્ણ	રાત્રીનો
૯૨	કાન્હરા બાગેશર	સા રી ગઁ મ પ ધ નીઁ	,,	,,
૯૩	કાન્હરા નાયકી	સા રી ગઁ ગ મ પ ધ નીઁ	,,	,,
૯૪	કાન્હરા મિયાના	સા રી ગઁ મ પ ધ નીઁ	,,	,,
૯૫	તિલક કામોદ	સા રી ગ મ પ ધ નીઁ ની	,,	,,
૯૬	મિયાકી મલ્હાર	સા રી ગઁ ગ મ પ ધ નીઁ ની	,,	,,
૯૭	મુખારી	સા રી ગઁ મ પ ધ નીઁ	સંપૂર્ણ	,,
૯૮	મંજરી	સા રી ગઁ ગ મ પ ધ નીઁ	,,	,,
૯૯	શંકરા	સા રી ગ પ ધ ની	ખોડવ	,,
૧૦૦	સુરાવલી	સા રી ગ મ પ ધ નીઁ ની	સંપૂર્ણ	,,
૧૦૧	ખમાચ	સા રી ગ મ પ ધ નીઁ ની	,,	રાત્રીનો પહેલો પહોર.
૧૦૨	હમીર	સા રી ગ મ પ ધ ની	,,	,,
૧૦૩	ઈમન	સા રી ગ મ પ ધ ની	,,	,,
૧૦૪	માંઝી	સા રી ગઁ મ પ ધઁ ધ નીઁ ની	,,	રાત્રીનો બીજો પહોર.
૧૦૫	કાન્હરા ગારા	સા રી ગઁ ગ મ પ ધ નીઁ ની	,,	,,
૧૦૬	છાંયા નટ	સા રી ગ મ પ ધ નીઁ ની	,,	,,
૧૦૭	છાયા	સા રી ગ મ મઁ પ ધ નીઁ ની	,,	,,
૧૦૮	માંઢ	સા રી ગ મ પ ધ ની	,,	રાત્રે હરવખત. કવચીત નીઁ લાગે છે.
૧૦૯	મેવાડ	સા રી ગ મ પ ધ ની	,,	રાત્રે હરવખત. આ રાગ માઢને મલતો છે.
૧૧૦	મારૂ	સા રીઁ ગ મ મઁ પ ધઁ ની	,,	મધ્યરાત્રીનો.
૧૧૧	કોશી કાન્હરા	સા રી ગઁ મ ધ નીઁ	ખોડવ	,,
૧૧૨	શંકરા ભરણ	સા રી ગ મ પ ધ ની	સંપૂર્ણ	,,
૧૧૩	બિહાગ	સા રી ગ મ પ ધ ની	,,	મધ્યરાત્રીનો. કોઈ મમઁ બંને લખે છે.
૧૧૪	શહાના	સા રી ગઁ મ પ ધ નીઁ	,,	મધ્યરાત્રીનો.
૧૧૫	જોગ	સા રીઁ ગ મ પ ધઁ ની	,,	અર્ધરાત્રી પછીનો.
૧૧૬	માલકોસ	સા ગઁ મ ધઁ નીઁ	ઓડવ	,,
૧૧૭	કાલિંગડા	સા રીઁ ગ મ પ ધઁ ની	સંપૂર્ણ	મધ્યરાત્રી પછીનો.
૧૧૮	જૈજૈવંતી	સા રી ગઁ ગ મ પ ધ નીઁ ની	,,	,,
૧૧૯	પરજ	સા રીઁ ગ મ મઁ પ ધઁ ની	,,	,,
૧૨૦	ખંભાવતી	સા રી ગ મ પ ધ નીઁ ની	,,	રાત્રીના એક વાગે.
૧૨૧	સોહિની	સા રીઁ ગ મ મઁ ધઁ ની	ખોડવ	રાત્રીનો ત્રીજો પહોર.
૧૨૨	જીલફ	સા રીઁ ગ મ પ ધઁ ની	સંપૂર્ણ	રાત્રીનો ચોથો પહોર.
૧૨૩	વસંત	સા રીઁ ગ મ પ ધઁ ની	,,	વસંતઋતુમાં હરવખત.

દરેક પ્રસિદ્ધ રાગોમાં આવતા સ્વરોનું, જાતિનું તથા વખતનું કોષ્ટક—(ચાલુ).

સંખ્યા.	રાગના નામ.	સ્વરો.	જાતિ.	વખત તથા વિશેષ માહિતી.
૧૨૪	મેઘરાગ	સા રી ગ મ પ ધ નીં ની	સંપૂર્ણ	વર્ષા ઋતુમાં હરવખત.
૧૨૫	મલ્હાર	સા રી ગ મ પ ધ નીં ની	,,	,,
૧૨૬	સોરઠ મલ્હાર	સા રી ગ મ પ ધ નીં ની	,,	,,
૧૨૭	મીસવાડા	સા રી ગ મ પ ધ ની	,,	વર્ષા ઋતુમાં દિવસે હરવખત.
૧૨૮	મદહંસ	સા રી ગ મ પ ધ ની	,,	રાત્રે હરવખત.
૧૨૯	બેલાવલ	સા રી ગ મ પ ધ નીં ની	,,	સવારનો બીજો પહોર.
૧૩૦	ભુપાલી	સા રી ગ મઁ પ ધ ની	,,	પ્રાતઃકાળ.

તાલ વિષે.

દરેક ગાયનનો મુખ્ય આધાર **તાલ** ઉપર છે. તેમ તાલનો મુખ્ય આધાર **લય** ઉપર છે.

લય.—એકાદિ ચીજ યા ગતને જે પ્રમાણે શરૂ કરી હોય તે પ્રમાણે એટલે તેમાં ધીમા પણ નહિ તેમજ ઉતાવળા પણ નહિ થતાં તેજ પ્રમાણે એક સરખી રીતે તે ચીજ અથવા ગતને પુરી કરવી તેને **લય** કહે છે.

પ્રાચીનકાળમાં તાલોની સંખ્યા ૩૬૦ની હતી, પણ હાલમાં કેટલાંક તાલો પ્રસિદ્ધ ન હોવાને લીધે તાલોની સંખ્યા ઘણીજ કમી થઇ ગઇ છે. હાલમાં મુખ્ય સાત તાલ છે. તેઓનાં નામ—૧ **ધ્રુતાલ**; ૨ **મઠતાલ**; ૩ **રૂપકતાલ**; ૪ **ઝંપાતાલ**; ૫ **ત્રિપુટ તાલ**; ૬ **આદિતાલ**; અને ૭ **એકતાલ**;

ઉપર બતાવેલાં સાત તાલોને દક્ષિણ હિંદુસ્તાનનાં લોકો ૧ **આડાચોતાલ**; ૨ **સુલફાગ** ૩ **રૂપક** અથવા **એકકો**; ૪ **ઝપતાલ**; ૫ **ત્રિવેટ**; **તેતાલો**; યા **ત્રિતાલ**; ૬ **ચોતાલ**; અને ૭ **એક તાલ** આ પ્રમાણે કહે છે.

તાલ-જાતિ વિષેઃ—અમુક તાલમાં જેટલી તાલ આવતી હોય, અને તે તાલ જેટલી માત્રાના અંતરે અપાતા હોય તે ઉપરથી તાલની જાતિ ઓળખાય છે. દરેક તાલની પાંચ જાતિ છે. ૧ **ચતુશ્રજાતિ**; ૨ **તિશ્રજાતિ**; ૩ **મિશ્રજાતિ**; ૪ **ખંડજાતિ**; અને ૫ **સંકીર્ણજાતિ**.

૧ **ચતુશ્રજાતિ.**—જે તાલમાં ૪, ૮, ૧૬, ૩૨; ઇત્યાદિ માત્રા આવે છે તેને **ચતુશ્રજાતિ** કહે છે.

૨ **તિશ્રજાતિ.**—જે તાલમાં ૩, ૬, ૧૨, ૨૪, ઇત્યાદિ માત્રા આવે છે તેને **તિશ્રજાતિ** કહે છે. તિશ્રજાતિને **દ્વિવ્યસંકકીર્ણજાતિ** પણ કહે છે.

૩ **મિશ્રજાતિ.**—જેમાં ૭, ૧૪, ૨૮, ૫૬, ઇત્યાદિ માત્રા આવે તેને **મિશ્રજાતિ** કહે છે.

૪ **ખંડજાતિ.**—જે તાલમાં ૫, ૧૦, ૨૦, ૪૦ ઇત્યાદિ માત્રા આવે છે તેને **ખંડજાતિ** કહે છે.

૫ **સંકીર્ણજાતિ.**—જેમાં ૯, ૧૮, ૩૬, ૭૨, ઇત્યાદિ માત્રા આવે તેને **સંકીર્ણજાતિ** કહે છે.

મુખ્ય સાત તાલોની જુદી જુદી જાતિનું કોષ્ટક.

તાલનાં નામ.	ચતુશ્રજાતિ.	તિશ્રજાતિ.	મિશ્રજાતિ.	ખંડજાતિ.	સંકીર્ણજાતિ.
ધ્રુતાલ	૪. ૨. ૪. ૪.	૩. ૧. ૩. ૩.	૭. ૧. ૭. ૭.	૫. ૧. ૫. ૫.	૯. ૧. ૯. ૯.
મઠતાલ	૪. ૨. ૪.	૩. ૧. ૩.	૭. ૧. ૭.	૫. ૧. ૫.	૯. ૧. ૯.
રૂપકતાલ	૨. ૪.	૧. ૩.	૧. ૭.	૧. ૫.	૧. ૯.
ઝંપાતાલ	૪. ૪. ૨.	૩. ૩. ૧.	૭. ૭. ૧.	૫. ૫. ૧.	૯. ૯. ૧.
ત્રિપુટતાલ	૨. ૪. ૨.	૧. ૩. ૧.	૧. ૭. ૧.	૧. ૫. ૧.	૧. ૯. ૧.
આડતાલ	૪. ૪. ૨. ૨.	૩. ૩. ૧. ૧.	૭. ૭. ૧. ૧.	૫. ૫. ૧. ૧.	૯. ૯. ૧. ૧.
એકતાલ	૪.	૩.	૭.	૫.	૯.

તાલ–કાળ વિષે:—કાળ એટલે વખત. ગાવા વગાડવા અથવા નૃત્ય કરવામાં જે ક્રિયાઓ થાય છે, અને તેમાં અમુક શબ્દો ઉપર કેટલું થોભવું પડે છે, ઇત્યાદિનું જે પ્રમાણ બતાવે છે. તેને **કાળ** કહે છે. મુખ્ય કાળ ત્રણ છે. ૧ **વિલંબકાળ**; ૨ **મધ્યકાળ**; અને ૩ **દ્રુતકાળ**.

૧ **વિલંબકાળ.**—હરકોઇ સારીગમ, ગાયન યા ચીજ ઘણાજ ધીમાપણાથી ગાવા બજાવવામાં આવે છે, તેને **વિલંબકાળ** કહે છે.

૨ મધ્યકાળ.—હરકોઇ ચીજ યા સારીગમ મધ્યમપણાથી એટલે બહુ ધીમાપણાથી નહિ તેમજ બહુ ઉતાવળથી પણ નહિ એવી સાધારણ રીતે ગાવા બજાવવાના નિમેલા વખતને **મધ્યકાળ** કહે છે.

૩ દ્રુતકાળ.—દ્રુતકાળ=જલદી, અર્થાત ત્વરાથી ગાવા બજાવવાના નિમેલા વખતને **દ્રુતકાળ** કહે છે.

તાલ–અંગ વિષે:—અંગ એટલે વિભાગ. તાલનાં પ્રત્યેક વિભાગને **અંગ** કહે છે. અંગના મુખ્ય ૭ વખતના પ્રમાણ છે. તેઓનાં નામ—**૧ કાકપદ; ૨ દ્વિગુરૂ; ૩ ગુરૂ; ૪ લઘુ; ૫ દ્રુત;** અને **૬ અનદ્રુત.**

તાલ–ગ્રહ વિષે:—તાલનો સાધારણ અર્થ તાળી એવો થાય છે. તાળી એટલે બે હાથની હાથેળીને એક બીજા સાથે અફાળી અવાજ કરવો તે. પરંતુ સંગીત શાસ્ત્રમાં **તાલ–ગ્રહને** તાલનાં દશ અંગમાંનું **એક અંગ** કહે છે. તાલ ગ્રહના મુખ્ય ત્રણ ભેદ છે. **૧ સમ; ૨ તાલ; ૩ ખાલી.**

૧ સમ.—દરેક તાલમાં વિરામની એક જગ્યા રાખી મુકેલી હોય છે. તેને **સમ** કહે છે. સમને કોઇ **ભરી** અથવા **માન** પણ કહે છે.

૨ તાલ.—હરકોઇ તાલમાં સમ સિવાય જે જગ્યાએ તાલ અપાય છે તેને **તાલ** કહે છે.

૩ ખાલી.—હરકોઇ તાલમાં જે જગ્યાએ તાલ (તાળી) નહિ આપતા જમીન તરફ હાથને હવામાં અફાળીએ છીએ તેને **ખાલી** કહે છે.

આ પુસ્તકમાં આપેલાં ચિન્હોની સમજ.

૧. દરેક સારીગમ અથવા ગાયનના નોટેશનમાં | | આવી ઉભી લીટીઓ હોય છે તેને બાર અથવા તાલના સ્થંભ કહે છે. એ સ્થંભને તાલના વિભાગ સમજવા.

૨. જે ઠેકાણે ꞉| આવી નિશાની હોય તો તેની ડાબી બાજુના અક્ષરો બે વખત ગાવા યા વગાડવા. જેમકે:—**સારીગમ | પધનીસા | સાનીધપ | મગરીસા** ꞉| આ લીટી બે વખત ગાવા બજાવવાની એ ચિન્હ સમજ આપે છે.

૩. જે ઠેકાણે આવી ꞉|꞉ નિશાની હોય તો તેની ડાબી બાજુના અક્ષરો બે વખત ગાઇ બજાવ્યા પછી જમણી બાજુના અક્ષરો બે વખત ગાવા બજાવવાનાં છે. જેમકે:—**સારીગમ | પધનીસા | સાનીધપ | મગરીસા** ꞉|꞉ **સાનીસારી | સાનીધપ | મગપમ | ગરીસા** ꞉| એટલે પહેલાં સારીગમ પધનીસા સાનીધપ મગરીસા. એ બે વખત ગાઇ બજાવ્યા પછી સાનીસારી સાનીધપ મગપમ ગરીસા. એ બે વખત ગાવા યા વગાડવાનાં છે.

૪. જે ઠેકાણે ‖ આવી નિશાની હોય તો તે ઠેકાણે તે સારીગમની અથવા ગાયનની નોટેશન પુરી થઇ છે એમ સમજવું.

૫. જે સ્વરની નીચે ∞ આવું **કાકપદનું** ચિન્હ લગાડેલું હોય તો તે સ્વરને આઠ માત્રા સુધી લંબાવવો. (લઘુ અક્ષરને બોલતા જેટલી વાર લાગે છે તેટલા વખતને એક માત્રા કહે છે.) કારણ કે એ **આઠ** માત્રાનું ચિન્હ છે. જેમકે:— **સા રી ગ મ પ ધ ની.**

૬. જે સ્વરની નીચે ++ આવું **દ્વિગુરૂનું** ચિન્હ લગાડેલું હોય તો તે સ્વર ચાર માત્રા સુધી લંબાવવો જોઇએ. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**

૭. જે સ્વરની નીચે + આવું ગુરૂનું ચિન્હ લગાડેલું **હોય** તો તે સ્વર બે માત્રા સુધી લંબાવવો. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**

૮. જે સ્વરની નીચે ઉપર બતાવેલી નિશાની ન હોય તો તે સ્વર એક માત્રા સુધી લંબાવવો. કારણ કે એને લઘુ કહે છે. લઘુ સ્વરની નીચે નિશાની રાખી નથી. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**

૯. જે સ્વરની નીચે ,, આવું દ્રુતનું ચિન્હ હોય તો તે સ્વર અડધી માત્રા સુધી લંબાવવો. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**
,, ,, ,, ,, ,, ,, ,,

૧૦. જે સ્વરની નીચે , આવી ' અનાદ્રુતની નિશાની હોય તો તે સ્વર પા માત્રા સુધી લંબાવવો. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**
, , , , , , ,

૧૧. જે સ્વરની નીચેની નિશાનીની નીચે અથવા લઘુ સ્વરની નીચે .·. આવા બે મીંડાનું ચિન્હ લગાડેલું હોય તો તે સ્વરની જેટલી માત્રા હોય તેની દોઢગણી માત્રા સમજવી. એટલે તે સ્વર આપેલી માત્રાથી દોઢગણો લંબાવવો. જેમકે:—**સા** = આની બાર માત્રા. **સા** = આની ૭ માત્રા. **સા** = આની ત્રણ માત્રા. **સા** = આની દોઢ માત્રા. **સા** = આની પોણી માત્રા. **સા** આની ૩/૮ માત્રા સમજવી. આ ઉપરથી આપણે માલમ પડે છે કે:— બે દ્વિગુરૂનો એક કાકપદ; બે ગુરૂનો એક દ્વિગુરૂ; બે લઘુનો એક ગુરૂ; બે દ્રુતનો એક લઘુ; અને બે અનાદ્રુતનો એક દ્રુત થાય છે.

૧૨. જે સ્વરની ઉપર ˘ આવી અર્ધ ચંદ્રકાર જેવી નિશાની હોય તો તેને **કોમળ સ્વર** સમજવો. જેમકે:—રીઁ ગઁ ધઁ નીઁ.

૧૩. જે સ્વર ઉપર ˇ આવું ચિન્હ લગાડેલું હોય તેને **તિવ્ર સ્વર** સમજવો. જેમકે:—**મઁ.**

૧૪. જે સ્વરની ઉપર કોમળ અથવા તિવ્ર સ્વરની નિશાની ન હોય તો તેને **શુદ્ધ સ્વર** સમજવો. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**

૧૫. જે સ્વર ઉપર ··· આવું ચિન્હ લગાડેલું હોય તો તે સ્વર **તાર** અથવા **ટીપ સપ્તકનો** સમજવો. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**

૧૬. જે સ્વરની ઉપર અગર નીચે ··· આવું સપ્તક દર્શક ચિન્હ ન હોય તો તે સ્વર **સુર** અથવા **મધ્ય સપ્તકનો** છે એમ સમજવું. જેમકે:—**સા રી ગ મ પ ધ ની.**

૧૭. જે સ્વરની નીચે ..... આવું ચિન્હ લગાડેલું હોય તો તે સ્વર **ખરજ** અથવા **મંદ્ર સપ્તકનો** છે એમ સમજવું. જેમકે—**સા રી ગ મ પ ધ ની.**

૧૮. .... આ નિશાની ગાયનના એક અક્ષરને એકથી વધારે સ્વર લાગે છે ત્યારે વાપરવામાં આવે છે. જેમકે:—

ગ રી	સા ની	સા +	ગ રી	ગ +	ગ +	ગ મ	પ પ	ગ મ	ધ પ	મ રી	ગ મ	આવી જગ્યાએ
સું ...	દ ર	સા	મળી	યા	...	ના...	મ જ	પી શ	નિત્ય	તા ...	રૂં...	સું, ના, તા,

રૂં, એ ગાયનના અક્ષરને બબ્બે સ્વર લાગે છે માટે તેનો ઉચ્ચાર **સુંઉં, નાઆ, લાઆ, રૂંઉં,** પ્રમાણે કરવાનો છે, એવું એ ચિન્હ બતાવે છે. ધારો કે સુંને ત્રણ સ્વર લાગે તો સુંઉંઉં, નાને ચાર સ્વર લાગે તો **નાઆઆઆ પ્રમાણે ઉચ્ચાર કરવાનું સમજવું.**

૧૯. — આવી નિશાની જ્યારે ગાયનમાં ચીજના એકથી વધારે અક્ષરને માટે એકજ સ્વર આવે છે ત્યારે વાપરવામાં આવે છે. જેમકેઃ—સનનન સોહે સાવરીયા શામ. એમાં "**શામ**" એ બે અક્ષરોને માટે સ્વરનો અક્ષર ફકત એકજ એટલે "સા" છે, તો તે ઠેકાણે બે અક્ષરોનો એકજ અવાજ સમજવો. એજ પ્રમાણે જ્યાં બે અથવા તેથી વધારે (ગાયનનાં) અક્ષરોની નીચે — આવી લીટી હોય તો તે ઠેકાણે તેટલા અક્ષરોને માટે આવેલા સ્વરનો એકજ અવાજ થવા દેવો જોઇએ.

૨૦ જે તાલનાં સ્થંભના ખાનામાં સ્વરની આગળ અગર પાછળ આંકડો (અંકનો) હોય તો તે ઠેકાણે તેટલી માત્રા સુધી રેસ્ટ એટલે આરામ લેવાનો છે, યા ચુપ રહેવાનું છે. જેમકેઃ—

૧ મ મ ધ ની | સાં રીં સાં ૧ ગં ગં સાં રીં | સાં રીં સાં ની ધ પ ‖ આ ઠેકાણે સ્વરની આગળ એકનો અંક (આંકડો) છે. માટે પ્રથમ એક માત્રા સુધી રેસ્ટ એટલે આરામ લીધા પછી મ મ ધ ની સાં રીં સાં સુધી ગાઈ બજાવીને પાછું એક માત્રા સુધી આરામ લઇને ગં ગં સાં રીં સાં રીં સાં ની ધ પ સુધી બોલવાનું યાં બજાવવાનું છે, એ પ્રમાણે સમજવું.

૨૧. જે ઠેકાણે * આવું ચિન્હ હોય અને પાછું * આવું ચિન્હ આવે ત્યાં સુધીની સારીગમ યા ચીજ બે વખત ગાવા બજાવવાની છે. જેમકેઃ— સા રી | *સા રી ગ મ | પ ધ ની *સાં | આ ઠેકાણે પ્રથમ સારી સારીગમ પધનીસાં બોલી રહ્યા પછી બીજી વખત **સારી** છોડી દેઇને સારીગમ પધનીસાં બોલવાં યા વગાડવાં; એટલે સારી સા રી ગ મ પ ધ ની સાં સા રી ગ મ પ ધ ની સાં પ્રમાણે ગાવું યા બજાવવું.

(પે. વ.) (બી. વ.)

૨૨. જે ઠેકાણે સા રી ગ મ ‖ રી ગ મ પ ‖ આ પ્રમાણે નિશાની હોય તો પહેલી વખત સા રી ગ મ બોલ્યા પછી બીજી વખત **સારીગમ** છોડી દઇને રી ગ મ પ બોલવું.

૨૩. જે સ્વર અથવા ગાયનની ચીજની નીચે ૧, ૨, ૩, ૪ ઈત્યાદી અંકો હોય તો તેને તાલના ટપકા સમજવાં. તેમાં એકનો અંક તે પહેલી તાલ, બેનો અંક તે બીજી તાલ, ત્રણનો અંક તે ત્રીજી તાલ, ચારનો અંક તે ચોથી તાલ ઈત્યાદિ સમજવું. તેમાં એકના અંક ઉપર સર્વે તાલનો સમ સમજવો, પણ એ નિયમ ગઝલના તાલને તથા દિવ્યસંકીર્ણજાતિ રૂપકને લાગુ પડતો નથી, કારણ કે તેમાં ખાલી ઉપર સમ રહે છે.

૨૪. જે સ્વરની અથવા ગાયનના અક્ષરની ચીજની નીચે ૦ આવું મીંડાનું ચિન્હ હોય તો તે જગ્યાએ ખાલી તાલ સમજવો.

સિતારની સમજ.

સંસ્કૃત સપ્તતાર ઉપરથી સિતાર નામ પડયું હોય એમ કલ્પી શકાય છે. સપ્ત એટલે સાત અને તાર એટલે તાર. સાત તારવાળા વાજીંત્રને સતાર અથવા સિતાર કહેછે. કેટલાક ગાયનકારો એમ પણ કહે છે કે સિતાર બીન ઉપરથી ઉત્પન્ન થયું છે. શરૂઆતમાં સિતાર પર એક પોલાદનો ને બે પીત્તળનાં મળી ત્રણ તાર હતા. એ ઉપરથી મુસલમાન ગાયનકારોએ સેતાર નામ પાડયું છે. સે એટલે ત્રણ અને તાર એટલે તાર. ત્રણ તારવાળું વાજીંત્ર તે સેતાર. સિતારમાં પછી સુધારો થઇને સાત તાર થયેલાં છે. કેટલાક સિતારમાં ૭ અને કેટલાક સિતારમાં સાત તાર હોય છે. કેટલાંકો સિતારને તરપો નાંખતાં નથી, અને કેટલાંકો નાંખે છે.

સિતારનાં પડદા વિષે:— સિતારની દાંડી ઉપર આડાઆડા આંકા કરેલા હોય છે. તે બધા પીત્તળના પાટા છે. એ દરેક પાટાને સિતારના પડદા કહેછે. સિતારમાં વધારેમાં વધારે ચોવીસ પડદા અને ઓછામાં ઓછા સત્તર કે સોળ પડદા આવે છે. પણ વાસ્તવિક રીતે સોળ પડદા તો અવશ્ય જોઇએજ. એથી ઓછા પડદા રાખવાનો નિયમ નથી. એ પડદાથી કયા કયા સ્વરો (સુરો) નીકળે છે તેનું કોષ્ટક નિચે પ્રમાણે:—

૨૪ પડદાની સિતાર.				૧૭ પડદાની સિતાર.				૧૬ પડદાની સિતાર.			
૧	મૂઁ	૧૩	મઁ	૧	મૂઁ	૧૧	મઁ	૧	મૂઁ	૧૦	મઁ
૨	પૂ	૧૪	પ	૨	પૂ	૧૨	પ	૨	પૂ	૧૧	પ
૩	ધૂઁ	૧૫	ધઁ	૩	ધૂઁ						
૪	ધૂ	૧૬	ધ	૪	ધૂ	૧૩	ધ	૩	ધૂ	૧૨	ધ
૫	નીૂઁ	૧૭	નીઁ	૫	નીૂઁ			૪	નીૂઁ		
૬	નીૂ	૧૮	ની	૬	નીૂઁ	૧૪	ની	૫	નીૂઁ	૧૩	ની
૭	સા	૧૯	સાઁ	૭	સા	૧૫	સાઁ	૬	સા	૧૪	સાઁ
૮	રીઁ	૨૦	રીઁ								
૯	રી	૨૧	રીઁ	૮	રી	૧૬	રીઁ	૭	રી	૧૫	રીઁ
૧૦	ગઁ	૨૨	ગઁ								
૧૧	ગ	૨૩	ગઁ	૯	ગ	૧૭	ગઁ	૮	ગ	૧૬	ગઁ
૧૨	મ	૨૪	મઁ	૧૦	મ			૯	મ		

સિતાર મેળવવાની રીતઃ– સિતારના તારની ગણતરી ડાબી બાજુથી થાય છે. સૌથી પેહેલો તાર પાકો પોલાદનો આવે છે. તેને **બાજ** અથવા **મધ્યમનો તાર** કહેછે. તેના પછી આવેલા બે પિત્તળના (બીજા અને ત્રીજા) તારને **ખરજના જોડના તાર** કહેછે. તેને એટલે બીજા અને ત્રીજા તારને અમુક હરકોઈ સ્વરમાં એટલે સાધારણ રીતે બહુ ઉંચા નહિ તેમ નીચા પણ નહિ એવા સ્વરમાં એકસરખા મેળવી તેને **સા** સ્વર ધારવો. એ પછી પેહેલા તારને **મ** સ્વરમાં મેળવવો. પછી ચોથા તારને એટલે પંચમના પોલાદી તારને (મંદ્ર સપ્તકના) **પ઼** સ્વરમાં મેળવવો. પછી પાંચમાં પીત્તળના તારને **સા** સ્વરમાં મેળવવો. પછી છઠ્ઠા પોલાદી તારને **પૅ** સ્વરમાં મેળવવો. પછી છેલ્લા સાતમાં પોલાદી તાર કે જેને પપૈયા અથવા ચિંગારી કહે છે તેને (તીપ સપ્તકના) **સૅા** સ્વરમાં મેળવવો.

સિતારના બોલ વિષેઃ - સિતાર વગાડવામાં ત્રણ શબ્દનું કામ પડે છે. **૧ દા; ૨ ડા; ૩ દિડ.**

૧ દા.– બાજના તાર ઉપર પહેલી આંગળી (જમના હાથના અંગુઠાની પાસેની) એ પહેરેલી મજરાબને આપણી તરફ એટલે પોતાના હાથની હાથેળી તરફ માર્યાથી **દા** એવો શબ્દ નીકળે છે.

૨ ડા:– બાજના તાર ઉપર પ્રથમ કરતાં ઉલટી રીતે માર્યાથી ડા એવો શબ્દ નીકળશે.

૩ દિડ.– બાજના તાર ઉપર પ્રથમ આપણી તરફ અને પછી તુરતજ એટલે બીજી ક્ષણે ઉલટી રીતે માર્યાથી **દિડ** એવો શબ્દ નીકળશે. **દા** અને **ડા** એ શબ્દોનું મિશ્રણ થવાથી **દિડ** શબ્દ નીકળે છે.

દિલરૂબા, તાઉસની સમજ.

દિલરૂબા અને તાઉસ, એ કાંઈ જુદી રીતે વાગતાં નથી, પરંતુ નામ તથા આકારનોજ ફેર છે. દિલરૂબાનો આકાર નીચે સારંગીનો, ઉપર સિતાર જેવી દાંડી, અને અંદર મદદગાર તારો (તરપો) થી ઘણોજ ખુબસુરત બનેલો હોય છે. તાઉસની નીચે મોરનો આકાર હોય છે, છતાં બંને એક સરખા ઘાટના છે. દિલરૂબા તથા તાઉસને, ફક્ત (તરપો સિવાય) ચાર તાર આવે છે. તેમાં પહેલો અને ત્રીજો તાર પાકો પોલાદી હોય છે. બીજો અને ચોથો તાર પીત્તળનો આવે છે. એમાં જે સ્વરનો ખપ પડે છે, તે સ્વરના પડદા ઉપર આંગળી મુકી ગજ ફેરવવાની જગ્યાએ પહેલા તાર (ઈત્યાદી)ને લાગે એવી રીતે ગજ ફેરવવાથી તે સ્વર વગડે છે. એને પડદા તો ચોવીસ જોઈએ, પરંતુ વગડતા ગુચવણ પડી જાય માટે સૌ સૌને ગમે તેટલા પડદા રાખે છે. જે રાગમાં જે પડદાનો ખપ હોય, અને તે પડદો ન હોયતો નીચેનો યા ઉપરનો પડદો ખસેડીને કોમળ અથવા તિવ્ર જેનો ખપ પડે છે તે ગોઠવે છે. **સા** અને **પ** સ્વરના પડદાને કોઈ પણ વાર ખસેડવો નહિ.

દિલરૂબા તથા તાઉસના પડદા ઓળખવાની રીતઃ– દિલરૂબા અથવા તાઉસના ચોવીસ પડદા હોય તો તે ચોવીસ પડદાની સિતાર પ્રમાણે આવે છે, અને તે અચળ ઠાઠનું કહેવાય છે. જો અઢાર પડદાનું દિલરૂબા કે તાઉસ હોય તો તેમાં **રૅ** રી **ધૅ** **ઝૅ** **ગૅ** **મૅ** ના પડદા આવતા નથી, અને તેની જગ્યા ખાલી (પડદા વગરની) રહે છે. અને જો સત્તર પડદાનું દિલરૂબા કે તાઉસ હોય તો તેમાં **રૅ** રી **મઁ** **ધૅ** **ઝૅ** ગૅ **મૅ** ના પડદા

આવતા નથી, અને એ સ્વરોની જગ્યા ખાલી રહે છે. એથી ઓછા પડદા રાખવાનો નિયમ નથી.

દિલરૂબા તથા તાઉસ મેળવવાની રીત:— બીજા અને ત્રીજા તારને સિતારની માફક એક સરખા મેળવવા, તે એટલા સુધી મેળવવા કે એક તારને વગાડવાથી બીજે તાર એની મેળે ધ્રુજી નીકળે, ત્યારે જોડ (બીજો તાર અને ત્રીજો) **તાર** મળ્યો **એમ** સમજવું, જ્યારે એ બે વચલા તાર મળ્યા ત્યારે તેને **સા** સ્વરની કલ્પના કરવી. પછી પહેલા પોલાદી **બાજ તારને મ** સ્વરમાં મેળવવો, અથવા તો દિલરૂબા કે તાઉસને અઢાર કે સત્તર પડદા હોય તો બીજા તારના ચોથા પડદા ઉપર આંગળી મુકી (તે સુર સાથે) મેળવવો. પછી ચોથા પીતળના તારને (મંદ્ર સપ્તકના) પ઼ સ્વરમાં મેળવવો, અથવા દિલરૂબાના અઢાર કે સત્તર પડદા હોય તો બાજના પહેલા તારના બીજા પડદા ઉપર આંગળી મુકી વગાડતાં જે સુર નીકળે તે સુરમાં ચોથો તાર મેળવવો.

તરપો મેળવવાની રીત:— તરપના નંબરની ગણતરી ઉપરથી થાય છે, અને તારની ગણતરી ડાબી બાજુએથી થાય છે. પ્રથમ પહેલા નંબરની તરપને જોડના તારના ખાલી સુરમાં એટલે **સા** સ્વરમાં મેળવવી. પછી બીજા નંબરની તરપને બીજા તાર ઉપર અને બીજા પડદા ઉપર આંગળી મુકી વગાડતાં જે સ્વર વગડે તે સ્વરની સાથે મેળવવી. પછી ત્રીજા નંબરની તરપને બીજા તાર ઉપર અને ત્રીજા પડદા પર આંગળી મુકી વગાડતાં જે સ્વર વગડે તે સ્વરમાં મેળવવી. પછી ચોથા નંબરની તરપને પહેલા તારના ખાલી સુર સાથે એટલે **મ઼** સ્વરમાં મેળવવી. પછી પાંચમાં નંબરની તરપને પહેલા તાર ઉપર અને બીજા પડદા ઉપર એટલે **પ઼** સ્વરના પડદા ઉપર આંગળી મુકી તે સ્વર સાથે મેળવવી પછી છઠ્ઠા નંબરની તરપને પહેલા તાર ઉપર અને ત્રીજા પડદા **ધ઼** સ્વર સાથે મેળવવી. પછી સાતમાં નંબરની તરપને પહેલા તાર ઉપર અને પાંચમાં પડદા **ની઼** સ્વર સાથે મેળવવી. પછી આઠમાં નંબરની તરપને પહેલા તાર ઉપર અને છઠ્ઠા પડદા **સા** સ્વરની સાથે મેળવવી. પછી નવમાં નંબરની તરપને પહેલા તાર ઉપર અને સાતમાં પડદા **રી** સ્વર સાથે મેળવવી. પછી દશમાં નંબરની તરપને પહેલા તારના નવમાં પડદા **ગ** સ્વર સાથે મેળવવી. પછી અગીઆરમાં નંબરની તરપને પહેલા તારના દશમાં પડદા **મ** સ્વર સાથે મેળવવી. પછી બારમાં નંબરની તરપને પહેલા તારના બારમાં પડદા **પ** સ્વર સાથે મેળવવી. છેવટ તેરમાં નંબરની તરપને પહેલા તારના તેરમાં પડદા **ધ** સ્વર સાથે મેળવવી. કદાચ એમાંની તરપનો તાર તુટી ગયો હોય તો કાંઇ સુરનો તાર તુટી ગયો એમ ન સમજવું. એટલે તે જગ્યાનો સુર મુકી ન દેવો, પણ **સારીગમ** એક પછી એક તરપોના જેટલા તાર હોય તેમાં અનુક્રમે એક સરખી બાંધી જવી. ઉપરની રીતથી તરપો શુદ્ધ સ્વરોમાં મળે છે, પરંતુ કોઈ વખત કોમળ કે તીવ્ર સ્વરમાં મેળવવાની જરૂર હોય તો તે સ્વરના પડદા ઉપર આંગળી મુકી મેળવી લેવી.

ફિડલની સમજ.

ફિડલને ચાર તાંત (દોરી) આવે છે. એ તાંત ઉપર આગળીઓ દબાવવી પડે છે. જે તાંત ઉપર આંગળી મુકીએ છીએ તેજ તાંત ઉપર ગજ ફેરવવો પડે છે. બીજી તાંતને ગજ નહિ લાગે તેની સંભાળ રાખવી, નહિ તો તે સ્વર બેસુરો થઇ જાય છે.

ફિડલ ઉપર લીટી દોરવા વિષેઃ— ચારે તાંતની દોરીઓ ખીટીમાંથી નીકળીને તેઓની પાસેની કાળી પટી પર અટકે છે, ત્યાંથી બરાબર એક તસુના અંતરે એક સીધી લીટી દોરવી. આ લીટીના બરાબર એક તસુના અંતરે એક બીજી સીધી લીટી દોરવી. અને આ બીજી લીટીના બરાબર અર્ધા તસુના તફાવતે એક ત્રીજી લીટી દોરવી. પેહેલી લીટી તે ડાબા હાથના અંગુઠાની પાસેની પહેલી આંગળીને માટે. બીજી લીટી તે બીજી (વચલી) આંગળીને માટે. અને ત્રીજી લીટી તે ત્રીજી (વચલી આંગળીની પાસેની) આંગળીને માટે.

ફિડલ મેળવવાની તથા સારીગમ ઓળખવાની રીતઃ— પ્રથમ કુલ ગણતરીમાંની ત્રીજી તાંતને સ્વેચ્છા પ્રમાણે મેળવી તેને (તાંત ઉપર આંગળી મુકયા વગર) ખાલી ગજથી વગાડવી, અને તેને **સા** સ્વરની કલ્પના કરવી. તેની ઉપર એટલે ત્રીજી તાંત ઉપર, અને પહેલી લીટી ઉપર પહેલી આગળી મુકી (આ આંગળીનાં છેડાનો બરાબર વચલો ભાગ પહેલી પાડેલી લીટી ઉપર મુકવો) વગાડવાથી **રી** નો સ્વર નીકળશે. પછી બીજી લીટી ઉપર બીજી આંગળી મુકવાથી **ગ** નો સુર (સ્વર) નીકળશે. પછી ત્રીજી લીટી ઉપર ત્રીજી આંગળી મુકી વગાડવાથી **મ** નો સુર નીકળશે. પછી બીજી તાંતને એવી રીતે મેળવવી કે ખાલી (તાંત ઉપર હાથ મુકયા વગર) વગાડવાથી **પ** સુરનો અવાજ નીકળે. પછી તેના ઉપર (બીજી તાંત ઉપર) અને પહેલી લીટી ઉપર પહેલી આંગળીથી મુકી વગાડવાથી **ધ** નો, બીજી લીટી ઉપર બીજી આંગળી મુકવાથી **ની** નો, અને ત્રીજી લીટી ઉપર ત્રીજી આંગળી મુકવાથી **સાં** નો સુર નીકળશે. બીજી દોરી આ પ્રમાણે વગાડવાથી ત્રીજી દોરી સાથે મળી રેહશે. હવે પહેલી તાંત એટલે પહેલી દોરીને એવી રીતે મેળવો કે ખાલી (દોરી ઉપર આંગળી મુકયા વગર) વગાડવાથી **રીં** નો સ્વર વગડે. પછી તેના ઉપર (પહેલી તાંત ઉપર) અને પહેલી લીટી ઉપર પહેલી આંગળી મુકવાથી **ગં** નો, બીજી લીટી ઉપર બીજી આંગળી મુકવાથી **મં** નો. અને ત્રીજી લીટી ઉપર ત્રીજી આંગળી મુકી વગાડવાથી **પં** નો સુર વગડશે. હવે ચોથી દોરીને એવી રીતે મેળવો કે ત્રીજી દોરીના ખાલી સાથે **સા** **ની**, **ધ**, **પ**, **મ**, સુધીનો એટલે ખરજ સપ્તકના **મ** સ્વર સુધીનો ઉચ્ચાર કરી તે અવાજની બરાબર તેને મેળવવી. આ પ્રમાણે કરવાથી (એટલે ચોથી દોરી ખાલી વગાડવાથી **મ** નો સુર નીકળે છે.) ત્રીજી દોરી ઉપર ત્રીજી આંગળી મુકી વગાડવાથી ચોથી દોરીના ખાલી સુર સાથે મળી રહેશે. પછી તેના ઉપર (ચોથી તાંત ઉપર) અને પહેલી લીટી ઉપર પહેલી આંગળી મુકી વગાડવાથી **પ** નો, બીજી લીટી ઉપર બીજી આંગળી મુકવાથી **ધ** નો, અને ત્રીજી આંગળી ત્રીજી લીટી ઉપર મુકી વગાડવાથી **ની** નો સુર નીકળશે. આ પ્રમાણે ચોથી દોરી ઉપર **મ પ ધ ની** નો, ત્રીજી દોરી ઉપર **સા રી ગ મ** નો, બીજી દોરી ઉપર **પ ધ ની સાં** નો, અને પહેલી દોરી ઉપર **રીં ગં મં પં** નો સુર નીકળે છે. હવે કોમળ તથા તીવ્ર સ્વર ઓળખવાના રસ્તા તે નીચે પ્રમાણેઃ—

ચોથી દોરીના **મ** અને **પ** સ્વરની વચ્ચેની જગ્યાએ એટલે પહેલી દોરેલી સીધી લીટીના અર્ધા તસુની ઉપરની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **મઁ** (તીવ્ર)સ્વર વગડશે. **પ** અને **ધ** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **ધ઼** (કોમળ) સ્વર વગડશે. **ધ** અને **ની** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **ની઼** સ્વર વગડશે. ત્રીજી દોરી ઉપર **સા** અને **રી** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **રી઼** નો, **રી** અને **ગ** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **ગ઼** નો સુર વગડશે. **મ** સ્વરની સહેજ અગાડી (આશરે પા તસુના અંતરે)ની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **મઁ** સ્વર વગડશે. બીજી દોરી ઉપર

પ અને **ધ** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **ધૅ** નો, **ધ** અને **ની** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **નીૅ** નો સુર વગડશે. **સાં** સ્વરની સહેજ અગાડી (આસરે પા તસુના અંતરે)ની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **રીૅ** સ્વર વગડશે. હવે પહેલી દોરી ઉપર **રીૅ** અને **ગ** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **ગૅ** નો, **મ** અને **પ** સ્વરની વચ્ચેની જગ્યાએ આંગળી મુકી વગાડવાથી **મઁ** નો સ્વર વગડે છે. જે દોરી ઉપર આંગળી મુકાએ તેજ દોરી ઉપર ગજ ફેરવવો. બીજી દોરીઓને ગજ લાગે નહિ તેની સંભાળ રાખવી.

હારમોનિયમની સમજ.

હારમોનિયમ અંગ્રેજી વાજીંત્ર છે. સાધારણ રીતે એની સામાં નજર કરીને જોતાં **સફેદ** અને **કાળા** એવી બે જાતનાં પડદાં જોવામાં આવે છે. આ પડદાઓ ઉપર વિશેષ ધ્યાન રાખીને જોતા કાળાં પડદાઓને બે જાતના જથ્થામાં ગોઠવેલા હોય છે. પહેલી જાતના જથ્થામાં **કાળા બે પડદા**, અને બીજી જાતનાં જથ્થામાં **ત્રણ કાળા પડદા** હોય છે. વળી આગળ જોતાં એવીજ રીતના જથ્થાઓ હોય છે. કાળા પડદાઓની આવી ગોઠવણ ઉપરથી હારમોનિયમના પડદાઓની આકૃતિ બે જાતની આવે છે.

પહેલી જાત.— જેમાં ડાબા હાથ તરફનો પહેલો આવેલો સફેદ પડદો **સા** નો સુર આપે છે, અને તેની પાસે બે કાળા પડદાનો જથ્થો આવે છે. આવી જાતનાં હારમોનિયમ હાલના વખતમાં ઘણાજ વપરાય છે. કારણ કે હારમોનિયમનું પ્રમાણ આ.જ હિસાબથી ચાલે છે.

બીજી જાત.— જેમાં ડાબા હાથ તરફનો પહેલો સફેદ પડદો **મ** નો સુર આપે છે, અને તેની પાસે કાળા ત્રણ પડદાઓનો જથ્થો આવે છે. પરંતુ આવી જાતના હારમોનિયમ હાલમાં ઘણાજ થોડા વપરાય છે.

સફેદ પડદા વિષેઃ— આ પુસ્તકમાં ઉપર બતાવ્યા **પ્રમાણે** એટલે પહેલી જાતના નમુના પ્રમાણે "**સા**"થી સ્વરો શરૂ થાય છે. પહેલો સફેદ પડદો **સા** નો, બીજો **રી** નો, ત્રીજો **ગ** નો, ચોથે **મ** નો, પાંચમો **પ** નો, છઠ્ઠો **ધ** નો, સાતમો **ની** નો, આ પ્રમાણે અનુક્રમે શુધ્ધ સ્વરનાં સફેદ પડદા આવે છે.

કાળા પડદા વિષેઃ— પહેલા અને બીજા પડદાની વચ્ચે જે કાળો પડદો છે તે રીૅ (કોમળ) નો છે. બીજા અને ત્રીજા પડદાની વચ્ચે જે કાળો પડદો છે તે ગૅ નો છે. ચોથા અને પાંચમાં પડદાની વચ્ચે જે કાળો પડદો છે મઁ (તીવ્ર) નો છે. પાંચમાં અને છઠ્ઠા પડદાની વચ્ચે જે કાળો પડદો તે ધૅ નો છે. છઠ્ઠા અને સાતમાં પડદાની વચ્ચે જે કાળો પડદો છે તે નીૅ (કોમળ) નો પડદો છે. આ પ્રમાણે અનુક્રમે કાળા પડદાઓ આવે છે.

કોઇ પણ જાતનાં સંપૂર્ણ સ્વરનાં વાજીંત્ર વગાડનાં શીખનારે અવશ્ય જાણવું જોઇએ કે મુખ્ય સાત સ્વરો (સા, રી, ગ, પ, ધ, ની) છે, તેમાં ચાર કોમળ (રીૅ, ગૅ, ધૅ, નીૅ) **અને એક** તીવ્ર (મઁ) સ્વરનો સમાવેશ થયો છે. આ પ્રમાણે બાર સ્વરનો એક સપ્તક થાય છે.

હારમોનિયમ ત્રણ, સવા ત્રણ, સાડાત્રણ, ચાર, પાંચ સપ્તકનાં આવે છે. પરંતુ ગાનાર

યા વગાડનારને ત્રણ સપ્તકથી વધારે સપ્તકની જરૂર પડતી નથી. માટે ત્રણ સપ્તકનાં જુદા જુદા નામો આપેલા છે. પહેલા સપ્તકનો અવાજ પહાડી, ધાડો યા જાડો છે, તેથી એને **ખરજ** અથવા **મંદ્ર સપ્તક** કહે છે. બીજા સપ્તકનો અવાજ સાધારણ એટલે જાડો નહિ તેમ ઝીણો નહિ એવો સમધારણ નીકળે છે, તેથી ગાનારાઓ ઘણું કરીને આ સપ્તકમાં ગાય છે, માટે એને **સુર** અથવા **મધ્ય સપ્તક** કહે છે. ત્રીજા સપ્તકનો અવાજ ઘણો બારીક એટલે ઝીણો છે, તેથી એને **ટીપ** અથવા **તાર સપ્તક** કહે છે.

હારમોનિયમનાં ખેંચવાના બટન વિષે:—સાધારણ રીતે હારમોનિયમને ૭ બટન આવે છે. **૧ ફ્લ્યુટ** (Flute;). ૨ **કલૅરીનેટ** (Clarinate.); **૩ સૉરડિન** (Sourdin.); **૪ ફોર્ટે** (Forte.); **૫ વૉઇકસ સિલેસ્ટે** (Voix Celeste.) **અને ૬ ટ્રેમેલો** (Tremelo.). આ પ્રમાણે બટોનોના નામો છે.

પહેલું બટન બહાર ખેંચવાથી સાધારણ અવાજ આપે છે. પહેલું અને બીજું બટન બહાર ખેંચવાથી પહેલાં કરતાં બેવડો અવાજ આપે છે. ત્રીજું બટન બહાર ખેંચવાથી પહેલાં બટન કરતાં સહેજ કમી અવાજ આપે છે. ચોથું બટન બહાર ખેંચવાથી પેટી ઉપરનું ઢાંકણું ઉઘડી જાય છે તેથી અવાજ વધારે આપે છે.. પાંચમું બટન બહાર ખેંચવાથી પહેલું અને બીજું બટન બહાર ખેંચવાથી જેટલો અવાજ આપે છે તેટલો અવાજ એ બટન આપે છે. છઠ્ઠું બટન બહાર ખેંચ્યાથી કાપરો અવાજ આપે છે. છઠ્ઠા સાથે બીજું બટન બહાર ખેંચ્યાથી કાપરો અવાજ બેવડો આપે છે. છઠ્ઠા બટનનો ઉપયોગ આપણા કરતા અંગ્રેજી ગાયનોમાં ઘણોજ વધારે થાય છે.

☞ **સુચના:**—ઉપર બતાવેલી સમજ શીખનારે બરાબર ધ્યાનમાં રાખ્યા પછી પ્રથમ આપેલા **"સારીગમ"ના પાઠો** બરાબર વગાડતાં શીખ્યા પછી ગાયનો શરૂ કરવાં.

સારીગમના પાઠો.

પાઠ ૧. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

તાલ સ્વરૂપ. ૧૬.	સા ++	રી ++	ગ ++	મ ++	પ ++	ધ ++	ની ++	સાં ++	સાં ++	ની ++	ધ ++	પ ++	મ ++	ગ ++
૪.૪.૪.૪.														
૧.૨.૦.૩.	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨

રી ++	સા ++
૦	૩

પાઠ ૨. તાલ તિશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૨.

૧૨. / ૩.૩.૩.૩. / ૧.૨.૦.૩.																
	સા	રી	ગ	મ	પ	ધ	ની	સાં	સાં	ની	ધ	પ	મ	ગ	રી	સા
	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨	૦	૩

પાઠ ૩. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

૧૬. / ૪.૪.૪.૪. / ૧.૨.૦.૩.								
	સા રી	ગ મ	પ ધ	ની સાં	સાં ની	ધ પ	મ ગ	રી સા
	૧	૨	૦	૩	૧	૨	૦	૩

પાઠ ૪. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

૧૬. / ૪.૪.૪.૪. / ૧.૨.૦.૩.				
	સા રી ગ મ	પ ધ ની સાં	સાં ની ધ પ	મ ગ રી સા
	૧	૨	૦	૩

પાઠ ૫. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

૧૬. / ૪.૪.૪.૪. / ૧.૨.૦.૩.																
	સા સા	રી રી	ગ ગ	મ મ	પ પ	ધ ધ	ની ની	સાં સાં	સાં સાં	ની ની	ધ ધ	પ પ	મ મ	ગ ગ	રી રી	સા સા
	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨	૦	૩

પાઠ ૬. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

૧૬. / ૪.૪.૪.૪. / ૧.૨.૦.૩.																
	સા સા સા	રી રી રી	ગ ગ ગ	મ મ મ	પ પ પ	ધ ધ ધ	ની ની ની	સાં સાં સાં	સાં સાં સાં	ની ની ની	ધ ધ ધ	પ પ પ	મ મ મ	ગ ગ ગ	રી રી રી	સા સા સા
	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨	૦	૩	૧	૨	૦	૩

પાઠ ૭. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

૧૬. / ૪.૪.૪.૪. / ૧.૨.૦.૩.

સા સા સા સા | રી રી રી રી | ગ ગ ગ ગ | મ મ મ મ | પ પ પ પ | ધ ધ ધ ધ |

૧ | ૨ | ૦ | ૩ | ૧ | ૨ |

ની ની ની ની | સાં સાં સાં સાં | સાં સાં સાં સાં | ની ની ની ની | ધ ધ ધ ધ | પ પ પ પ |

૦ | ૩ | ૧ | ૨ | ૦ | ૩ |

મ મ મ મ | ગ ગ ગ ગ | રી રી રી રી | સા સા સા સા |

૧ | ૨ | ૦ | ૩

પાઠ ૮. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

૧૬. / ૪.૪.૪.૪. / ૧.૨.૦.૩.

સા રી સા+ | રી ગ રી+ | ગ મ ગ+ | મ પ મ+ | પ ધ પ+ | ધ ની ધ+ | ની સાં ની+ | સાં રીં સાં+ |

૧ | ૨ | ૦ | ૩ | ૧ | ૨ | ૦ | ૩ |

સાં રીં સાં+ | ની સાં ની+ | ધ ની ધ+ | પ ધ પ+ | મ પ મ+ | ગ મ ગ+ | રી ગ રી+ | સા રી સા+ |

૧ | ૨ | ૦ | ૩ | ૧ | ૨ | ૦ | ૩

પાઠ ૯. તાલ ચતુશ્રજાતિ એકતાલ, મધ્યકાળ, માત્રા ૪.

૪. / ૪. / ૧.

સા રી સા રી | ગ++ | રી ગ રી ગ | મ++ | ગ મ ગ મ | પ++ | મ પ મ પ | ધ++ | પ ધ પ ધ |

૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

ની++ | ધ ની ધ ની | સાં++ | સાં ની સાં ની | ધ++ | ની ધ ની ધ | પ++ | ધ પ ધ પ | મ++ |

૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

પ મ પ મ | ગ++ | મ ગ મ ગ | રી++ | ગ રી ગ રી | સા++ |

૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧

પાઠ ૧૦. તાલ ચતુશ્રજાતિ એકતાલ, મધ્યકાળ, માત્રા ૧૬.

૧૬. / ૪.૪.૪.૪. / ૧.૨.૦.૩.

સા રી ગ+ | રી ગ મ+ | ગ મ પ+ | મ પ ધ+ | પ ધ ની+ | ધ ની સાં+ | સાં ની ધ+ |

૧ | ૨ | ૦ | ૩ | ૧ | ૨ | ૦ |

ની ધ પ+ | ધ પ મ+ | પ મ ગ+ | મ ગ રી+ | ગ રી સા+ |

૩ | ૧ | ૨ | ૦ | ૩

પાઠ ૧૧. તાલ ચતુશ્રજાતિ એકતાલ, મધ્યકાળ. માત્રા ૪.

૪/૪ સા સા સા,, રી,, ગ | રી રી રી,, ગ,, મ | ગ ગ ગ,, મ,, પ | મ મ મ,, પ,, ધ |
૧. ૧ | ૧ | ૧ | ૧ |

પ પ પ,, ધ,, ની | ધ ધ ધ,, ની,, સાં | સાં સાં સાં,, ની,, ધ | ની ની ની,, ધ,, પ | ધ ધ ધ,, પ,, મ |
૧ | ૧ | ૧ | ૧ | ૧ |

પ પ પ,, મ,, ગ | મ મ મ,, ગ,, રી | ગ ગ ગ,, રી,, સા ‖
૧ | ૧ | ૧ ‖

પાઠ ૧૨. તાલ તિશ્રજાતિ એકતાલ, મધ્યકાળ. માત્રા ૩.

૩/૩ સા રી ગ | રી ગ મ | ગ મ પ | મ પ ધ | પ ધ ની | ધ ની સાં | સાં ની ધ | ની ધ પ |
૧. ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

ધ પ મ | પ મ ગ | મ ગ રી | ગ રી સા ‖
૧ | ૧ | ૧ | ૧ ‖

પાઠ ૧૩. તાલ ચતુશ્રજાતિ એકતાલ, મધ્યકાળ. માત્રા ૪.

૪/૪ સા રી ગ મ | રી ગ મ પ | ગ મ પ ધ | મ પ ધ ની | પ ધ ની સાં | સાં ની ધ પ |
૧. ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

ની ધ પ મ | ધ પ મ ગ | પ મ ગ રી | મ ગ રી સા ‖
૧ | ૧ | ૧ | ૧ ‖

પાઠ ૧૪. તાલ ચતુશ્રજાતિ એકતાલ, મધ્યકાળ. માત્રા ૪.

૪/૪ સા સા સા,, રી,, ગ,, મ,, | રી રી રી,, ગ,, મ,, પ,, | ગ ગ ગ,, મ,, પ,, ધ,, | મ મ મ,, પ,, ધ,, ની,, |
૧. ૧ | ૧ | ૧ | ૧ |

પ પ પ,, ધ,, ની,, સાં,, | સાં સાં સાં,, ની,, ધ,, પ,, | ની ની ની,, ધ,, પ,, મ,, | ધ ધ ધ,, પ,, મ,, ગ,, |
૧ | ૧ | ૧ | ૧ |

પ પ પ,, મ,, ગ,, રી,, | મ મ મ,, ગ,, રી,, સા,, ‖
૧ | ૧ ‖

પાઠ ૧૫. તાલ ચતુશ્રજાતિ એકતાલ, મધ્યકાળ. માત્રા ૪.

૪./૪. સા ગ | રી મ | ગ પ | મ ધ | પ ની | ધ સાં | સાં ધ | ની પ |
૧. ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧

ધ મ | પ ગ | મ રી | ગ સા ||
૧ | ૧ | ૧ | ૧

પાઠ ૧૬. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ. માત્રા ૧૬.

૧૬./૪.૪.૪.૪. સાં સાં ની ની | ધ ધ પ પ | મ મ ગ સા | મ પ સા ||
૧.૨.૦.૩. ૧ | ૨ | ૦ | ૩

સા રી ગ મ પ ગ | મ રી પ ગ | ધ ની સાં રીં ની સાં સાં ની સાં || ગં ગં રીં ગં |
૧ | ૨ | ૦ ૩ | ૧

સાં રીં સાં | ધ ની સાં રીં ગં મં | રીં ગં ગં ||
૨ | ૦ | ૩

પાઠ ૧૭. તાલ તિશ્રજાતિ એકતાલ, મધ્યકાળ. માત્રા ૩.

૩./૩. ગ | ગ | ગ રી ગ | પ ગ | રી | રી | રી ગ રી સા || ધ | પ | મ પ મ |
૧. ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ ૧ | ૧ | ૧ | ૧

ગ | ધ | પ | ગ રી ગ | સા ||
૧ | ૧ | ૧ | ૧ | ૧

પાઠ ૧૮. તાલ ચતુશ્રજાતિ ત્રિતાલ, મધ્યકાળ. માત્રા ૧૬.

૧૬./૪.૪.૪.૪. સા ગ | સા ગ | સા ગ | મ ગ રી સા | ની રી | ની રી | ની રી |
૧.૨.૦.૩. ૧ | ૨ | ૦ | ૩ | ૧ | ૨ | ૦

ગ રી સા ની || સા ગ ગ | સા ગ | સા રી ગ મ | પ | ધ પ મ ગ | પ મ ગ રી |
૩ || ૧ | ૨ | ૦ | ૩ | ૧ | ૨

સા સા | સા || સા ની ધ | પ મ | ગ મ | પ ધ ની | સાં ની ધ | પ મ | ગ મ રી ગ | સા ||
૦ | ૩ || ૧ | ૨ | ૦ | ૩ | ૧ | ૨ | ૦ | ૩

સાં ની ધ | પ | મ | ગ | મ | પ | ધ પ મ ગ પ મ ગ રી | સા સા | સા | સા સા |
